• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| જીવતા દેવતાની સેવા | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| શ્રી રામકૃષ્ણ પરમહંસનાં સાધના વિષે મંતવ્યો | નારાયણ હ. જાની | ૧૦ |
| પ્રશ્નોત્તરી | શ્રી યોગેશ્વરજી | ૧૪ |
| ગામઠી સંતની અદ્ભુત ક્ષમાવૃત્તિ | જેસંગભાઇ હરિભાઇ | ૧૮ |
| મારાં બધાં કાર્યોમાં | યોગેશ્વરજી | ૨૨ |
| ઉપાસનાની સમજ | સ્વામી સચ્ચિદાનંદજી | ૨૩ |
| એક તીર્થ પુરોહિત | ભાણદેવજી | ૨૯ |
| ફીનીક્ષ આશ્રમમાં શ્રી સુશીલાબેન ગાંધીની મુલાકાત | મા સર્વેશ્વરી | ૪૩ |
| જેને બહાર શોધો છો તે તમારી અંદર જ છે | સ્વામી વિવેકાનંદ | ૫૫ |
| સભાન શાશ્વતી | પ્રા. તરલાબેન દેસાઇ | ૫૭ |
| પૂ. માની હરિદ્વાર યાત્રા | નારાયણ હ.જાની, વિનુભાઇ અમીન | ૬૦ |


ઉદ્યોગ કરવાથી દરિદ્રતા, જપ કરવાથી પાપ, મૌનથી ક્લેશ અને જાગ્રત રહેવાથી ભય નિર્મૂળ થાય છે.

અન્યાયથી પેદા કરેલું દ્રવ્ય દશ વર્ષ સુધી રહે છે અને અગીયારમું વર્ષ આવતાં તે મૂળસહિત નાશ પામે છે.

**ચાણક્ય—નીતિસાર**

# જીવતા દેવતાની સેવા

શ્રી યોગેશ્વરજી

એક સ્વાનુભવસંપન્ન સુપ્રસિદ્ધ ભક્તકવિએ કવિતાની પ્રખ્યાત પંક્તિમાં કહ્યું છે-

જીવતા નરને સેવો ઓ ભાઈ મારા,
જીવતા દેવતાને સેવો.

સામાન્યરીતે માનવ નિદ્રાધીન હોય છે. કેટલીકવાર જડ અથવા મૃતઃપ્રાય જેવો પણ જણાય છે. એને મોહની નિદ્રાએ ઘેરી લીધો અને સંમોહિત કર્યો હોવાથી સારાસારનું, નિત્યા-નિત્યનું, સત્યાસત્યનું, ભાન કે જ્ઞાન નથી હોતું. કોઈક વિરલ બડભાગી માનવોજ જાગે છે. એ જીવનના રહસ્યને સાચા અર્થમાં સમજીને જીવતા અથવા એને આત્મસાત કરવાની કલ્યાણકારિણી કોશિષ કરતા હોય છે. નિત્ય જાગ્રત બનીને જીવતા હોય છે.

એમને જીવતા નર તરીકે ઓળખવામાં આવે છે.

એમનું દર્શન સદાને માટે પ્રેરક બને છે અને સુખ શાંતિપ્રદાયક ઠરે છે.

એમનું સંભાષણ તથા સાન્નિધ્ય જડતાને જલાવીને, મોહનિદ્રાને મટાડીને, અશાંતિનો અંત આણીને નવજીવનના મંગલ મંદિરમાં પ્રવેશ કરાવનારું થઈ પડે છે. એમની પેઠે જાગતા તથા જીવતા રહેવાનું પરિબળ પૂરું પાડે છે. સૈકાઓથી સુતેલા નરને જગાડે છે, અંતરાત્માને અનુપ્રાણિત કરે છે, આલોક્તિ બનાવે છે.

એવા જીવતા, આત્મજાગ્રત, પૂર્ણ અને મુક્ત પર-



માત્માપરાયણ પુરુષોને સેવવાનું મહત્ત્વ ઘણું મોટું છે. એમનો આશીર્વાદાત્મક અનુગ્રહ સદા અમોલ બને છે.

આપણે તીર્થાટન કરીએ છીએ, દેવમંદિરોમાં જઈએ છીએ, યજ્ઞયાગાદિ વ્રતતપઉપવાસજપ અને શાસ્ત્રાધ્યનનો આધાર લઈએ છીએ, કથાઓને કહીએ તથા સુણીએ છીએ, તે બધું સારું છે. પરંતુ એ બધું આપણને આત્મિક જગતમાં જાગ્રત કરવા અને અનાદિકાળની જડતામાંથી મુક્ત કરવા માટે છે, એ વાતનું વિસ્મરણ ના થવું જોઈએ. એ સઘળાં સાધનોનો સમાશ્રય લઈને આપણે કોઈ સ્વાનુભવસંપન્ન જીવંત સતપુરુષને સેવતા થઈએ અને સ્વાનુભવસંપન્ન જીવંત સત્પુરુષ બનીએ એ આવશ્યક છે. એવી અપેક્ષા અસ્થાને નથી.

આપણા સમાજમાં દેવતાની ઉપાસના તથા સેવાની પ્રથા પ્રવર્તમાન છે. પરંતુ એ દેવતાઓ જીવંત કે પ્રત્યક્ષ ભાગ્યે જ હોય છે. આપણા જીવનમાં પ્રેરણા પહોંચાડનારા ને પ્રેમ તથા પ્રકાશ પાથરનારા પ્રત્યક્ષ દેવોને આપણે ઓળખીએ અને આરાધીએ છીએ ખરા! એવા દેવતાઓમાં માતાપિતા, પતિપત્ની, સન્મિત્ર કે સ્વજનનો, અને દીનદુઃખી અશાંત અભાવગ્રસ્તનો સમાવેશ કરી શકાય. એમની અંદર રહેલી દિવ્યતાને, આત્માની અલૌકિક આભાને ઓળખીને એમને આપણી રીતે ઉપયોગી થઈ શકીએ તો કેટલું સારું! એવી આરાધના આપણે માટે અને અન્યને માટે આર્શીવાદરૂપ બની જાય. એમને લીધે આપણી અને એમની અંદરની દબાયલી દિવ્યતા જાગીને સક્રિય થાય.

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૦ જુલાઇ : ૨૦૦૮ અંક ૯

# શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**ગુરુવાર પોષ વદ પાંચમ ૨૦૩૮, મકરસંક્રાન્તિ**

**તા. ૧૪–૧–૮૨ સ્થળ : નોર્થ બરગન, અમેરિકા.**

પૂ. શ્રી સવારે સ્નાન બાદ શીર્ષાસન સહિત બીજો વ્યાયામ કરે છે. પછી માથામાં તેલ નાંખે છે. લેખનકાર્ય ચાલુ થઇ જાય છે. સર્વેશ્વરી પણ સ્નાન બાદ વ્યાયામ કરી લેખનકાર્ય કરે છે. દૂધ પીવાનું બને છે. લેખનકાર્યમાંથી નિવૃત્ત થઇ પૂ. શ્રી થોડો આરામ કરે છે. હાથમાં માળા ચાલુ થઇ જાય છે. પોણાબાર થતાં પૂ. શ્રી બહાર આવે છે.

આજે કેનેડાની વાતો થાય છે. વળી સ્વામી આત્માનંદની વાત પણ મુલાકાતના સમયે થાય છે.

આજે પણ બરફના ઢગલાઓ બહાર દેખાય છે, જાણે રૂના ઢગલાઓની યાદ અપાવે છે.



આજે ખીચડી શાકનું ભોજન લીધું. ભોજન બાદ પૂ. શ્રી લેખનકાર્ય કરવા બેઠા છે.

સાંજે સત્સંગની બેઠક થઇ, પણ બરફ બહાર ચાલુ થઇ ગયો હતો, જેથી આજે સંખ્યા ઓછી હતી.

આજે સત્સંગમાં ખાસ નોંધને યોગ્ય વાતો ન થઇ. બારીમાંથી દૂર દૂર નજર પહોંચે ત્યાં પણ બરફ જ બરફ. મકાનનાં છાપારાંઓ જાણે સફેદ ચાદર ઓઢીને બેઠાં છે. રસ્તા ઉપર પણ બરફના ઢગલાઓ, મકાનના વાડાઓમાં પણ બરફના ઢગલા.

અહીં દરેક મકાનમાં હીટર ફરજીયાત રાખવા પડે છે, જેથી ઘરમાં સ્વેટર વિના પણ ફરી શકાય છે. બહાર અતિશય ઠંડી હોય, પણ ઘરમાં ઠંડી ખાસ લાગતી નથી.

હવે ભારત જવાના દિવસો નજીક આવી રહ્યા છે. પૂ. શ્રીના ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડાની યાત્રા દરમ્યાનના ફોટાઓનું એક આલ્બમ તૈયાર કરવાનું કામ સર્વેશ્વરી કરી રહ્યાં છે. આખોયે દિવસ એમાં સહેજે પસાર થઇ જાય છે.

પૂ. શ્રી આજકાલ લંકાકાંડની સમાપ્તિ ઉપર લેખનકાર્ય કરી રહ્યા છે. આજકાલ સવારે તો લેખનકાર્ય કરે જ છે, પણ ભોજન પછી પણ લેખનકાર્ય કરે છે. વળી રાત્રે પણ મોડે સુધી લેખનકાર્ય ચાલુ જ રહે છે.

સાંજે ફળ દૂધ લઇ આરામને બદલે પૂ. શ્રી લેખનકાર્ય ૧૧–૦૦ વાગ્યા સુધી કરે છે.

**શુક્રવાર પોષ વદ છઠ ૨૦૩૮**

**તા. ૧૫–૧–૮૨ સ્થળ : નોર્થ બરગન, અમેરિકા.**

સવારે પૂ. શ્રી નિયમિત રીતે સ્નાન, વ્યાયામ કરી લેખનકાર્ય કરે છે. આજે દશ વાગ્યે દૂધ લે છે. લેખનકાર્ય

૧૧ સુધી કરે છે. પછી માળા કરતા કરતા થોડો આરામ કરે છે.

પોણાબાર વાગ્યે પૂ. શ્રી પોતાના ઓરડાની બહાર આવે છે. રસોડું નજીક જ છે એટલે દરરોજની જેમ ગેસ ઉપરની તપેલીઓ ઉઘાડીને જોવા આવે છે. ખીચડી લગભગ તૈયાર થઇ ગઇ છે, છતાં પૂ. શ્રીએ તેમાં પાણી નાંખવાની સૂચના આપીને, બહાર ઘરના ચોથા વિભાગમાં ગયા, જ્યાં બારી પાસે બે ખુરશીઓ હોય છે. મુલાકાત સમયે એ ખુરશી ઉપર પૂ. શ્રી બેસે છે, નહીંતર ત્રીજા વિભાગમાં જે બેઠકરૂમ છે એમાં બે સોફા છે, તેની ઉપર સત્સંગ સમયે બેસે છે.

આજે મુલાકાતમાં આવનાર બેનો પૈકી એક બેને પૂ. શ્રી કોઇ પણ એકાદ અનુભવ સંભળાવે એવી માંગણી કરી. પૂ. શ્રીએ દશરથાચલ પર્વત ઉપર ભગવાન શંકરના દર્શનનો અનુભવ કહી સંભળાવ્યો. વળી સર્વેશ્વરીએ પણ પૂ. શ્રીની સૂચનાથી બે અનુભવ કહી સંભળાવ્યા.

ત્યારબાદ ખીચડી, શાક, દૂધનું ભોજન લીધું. ભોજન બાદ પૂ. શ્રીએ લેખનકાર્ય શરૂ કર્યું. ત્રણ વાગ્યા સુધી સતત લેખનકાર્ય બાદ પૂ. શ્રીએ લેખનના કાગળો મૂકી દીધા અને કહેવા લાગ્યા કે સમયનો ભોગ આપીને કમ્મર દુઃખવીને, આ રામાયણ સમાજને મળ્યું છે તે કોણ જાણશે? સતત અને સખત શ્રમ એની પાછળ અપાયો છે એવું કોણ કહેશે?

પૂ. શ્રીની વાત સાચી છે. લંકાકાંડ ઘણો મોટો ને તેમાં યુદ્ધનું વર્ણન તો ખૂબ જ લાંબુ. રામાયણમાં હનુમાન વગેરે ને વાનર તરીકે ચિતર્યા છે, તે પૂ. શ્રીને પણ પસંદ પડતું નથી, કારણ વાનર નામની માનવોની જ જાતિ હતી, એમ ઇતિહાસ



કહે છે. રામાયણનું લેખન પૂ. શ્રી આજકાલ ઘણો સમય આપીને કહી રહ્યા છે. જાણે હાર્ટએટેકની માંદગીનો આરામ લેખનકાર્ય કરી વસુલ કરતાં ન હોય!

વચ્ચે થોડો આરામ કર્યો, વળી લેખનકાર્ય સાંજે ૫ થી શરૂ થઇ ગયું.

ગઇકાલે સાંજે ધ્યાનમાં બેસતાં પહેલાં આ યજમાન પતિપત્નીએ પૂ. શ્રીને ૫૦૧ ડોલરનું એક કવર ભેટ ધર્યું. પૂ. શ્રીએ કહ્યું, આપ તો સેવાપરાયણ પછી રકમ આપવાની હોય જ નહીં. પતિપત્નીએ કહ્યું, "આપની અમે તો ખાસ સેવા કરી શક્યા નથી. અમે તો સંતની સેવા કેવી રીતે કરશું તે પણ જાણતા ન હતા. જેવી થાય એવી સગવડ કરી છે."

પૂ. શ્રીએ એમનો અતિ આગ્રહ છતાં એ કવરનો અસ્વીકાર કર્યો. તેથી તેઓએ ક્ષણિક દુઃખ અનુભવ્યું એટલે પૂ. શ્રીએ ફક્ત ૩૧ ડોલર લીધા ત્યારે તેઓને કંઇક સંતોષ થયો અને તે ૩૧ ડોલર પણ સર્વમંગલ ટ્રસ્ટ માટે સ્વીકાર્યા.

જ્યારે જ્યારે કોઇ ભેટ ધરે છે ત્યારે ત્યારે પૂ. શ્રી તેમાંથી એક કે અગિયાર કે એકવીસ ડોલર લઇને મોટી રકમો ફરી પાછી પ્રસાદીરૂપે આપી દે છે. કેટકેટલી રકમનાં પાકીટ પાછાં વાળે છે, છતાં પૂ. શ્રીના શ્રીચરણે સદા લક્ષ્મી રમી રહી છે. અહીં કોઇ જાતની પૈસાની તકલીફ નથી. ટિકિટના પૈસા પણ અપાઇ ગયા, છતાં ધનભંડાર ખૂટતો નથી. પ્રભુની પૂર્ણકૃપા પામનારને કેટલો આનંદ હોય છે, તે જોવાનું સદ્ભાગ્ય સર્વેશ્વરીને મળી રહ્યું છે.

આજે ૪૫ માઇલ દૂર પારસી સીપી નામના વિસ્તારમાં પ્રવચન હતું, તે ભાઇબેનોએ પૂ. શ્રીને પોતાને ત્યાં જ ફરી

આવો ત્યારે ઉતારવાનું આમંત્રણ આપ્યું આજનું પ્રવચન આત્મદર્શન ઉપર હતું.

પ્રવચન બાદ ૧૧ાા વાગ્યે ઘરે આવવાનું બન્યું. પરિણામે દૂધ પીને આરામ જ કર્યો. ૧૧ાા વાગ્યે કેનેડા શ્રી સુરેશભાઇ પરીખ સાથે વાતો થઇ તેઓ પોતે પૂ. શ્રીને આવતીકાલે મળવા આવે છે. પૂ. શ્રીએ કહ્યું, આવો.

(ક્રમશઃ)

પ્રભુ સંપત્તિ માગતા નથી, પણ સમય માગે છે. સંપત્તિ આપનારા ઘણા છે, પણ સ્મરણદ્વારા સમય આપનારાઓ ઓછા છે. —યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



### શ્રી રામકૃષ્ણ પરમહંસનાં

# સાધના વિષે મંતવ્યો

**મુક્ત અનુવાદ : નારાયણ હ. જાની**

રામકૃષ્ણ હવે જીવનના એ તબક્કામાં પ્રવેશ્યા હતા કે જેણે આધ્યાત્મિક પરિભાષામાં સાધના કહી શકાય. બધા જ મહાન ધાર્મિક ગુરુઓ આવા તબક્કામાંથી પસાર થયા હોય છે જ. પરંતુ ભગવાન બુદ્ધ અને ચૈતન્ય મહાપ્રભુ સિવાય, બીજાઓની આવી સાધનાની કોઇ વિગતે નોંધ કરાયેલી જોવા મળતી નથી. કદાચ એવું હોઇ શકે કે એમના પાછળના ભક્તો—પોતાના ગુરુને કેવી કઠોર તપસ્યા, કેવા પ્રલોભનો ને દુઃખો વેઠવા પડ્યા છે. તે દર્શાવવા માગતા ન હોય. એમની દૃષ્ટિમાં ઈશ્વરના અવતાર સમા મહાપુરુષોને શરીરધારી મનુષ્યની જેમ વર્તતા બતાવવા ઠીક નહિ હોય. આમ છતાં, આ સાચું વલણ નથી.

કેટલાક રૂઢિચુસ્ત હિંદુઓ એવું દૃષ્ટિબિંદુ ધરાવતા હોય છે કે અવતારી પુરુષોને એની દિવ્યતાનું કાયમ ભાન હોય છે એથી તે જે કંઇ કરે તે એક પ્રાકારની લીલા માત્ર છે. પરંતુ સ્વામી શારદાનંદ આ વાત સાથે સદંતર સંમત થતા નથી. તેમનાં મત પ્રમાણે ઈશ્વરી અવતારનાં દુઃખો અને મનુષ્યોચિત નબળાઇની ક્ષણો એ અભિનય માત્ર નથી. પરબ્રહ્મના સંપૂર્ણ જ્ઞાન સાથે દુનિયામાં જન્મ લીધા પછી પણ, તેઓ સામાન્ય માણસના જેવાં જ અજ્ઞાન અને નબળાઇઓ ધારણ કરે છે—એ માટે કે એમને ઓળંગી શકાય છે એવી શિક્ષા કે પ્રેરણા બીજાઓને આપી શકે.

આમ છતાં, સ્વામી શારદાનંદ કહે છે કે ઈશ્વરના અવતાર એમના જન્મથી જ જાગૃત હોય છે અને જાણતા પણ હોય છે કે તેઓ દુનિયાના બીજા સામાન્ય માણસો કરતાં જુદા છે. એમનું આ પ્રકારનું જ્ઞાન જેઓ અનેક પ્રકારની આશાઓના–લાલસાઓના પાસથી બંધાયેલા છે, તેમના પ્રત્યે તેઓને પ્રબળ કરુણાથી ભરી દે છે. તેથી બીજાઓને પ્રેરણા ધરવા કે સહાય કરવા, અવતારી પુરુષો સાધના કરે છે.

આ સંબંધે એક સરસ ઉદાહરણ આપતાં શ્રી રામકૃષ્ણદેવ કહેતા : ત્રણ માણસો એકવાર ફરતા ફરતા એક ખેતરમાં ગયા. ખેતરની વચ્ચે આસપાસ ઊંચી દિવાલોવાળું એક સ્થાન હતું; જ્યાંથી સુંદર સંગીત અને વાજીંત્રોના સુમધુર સ્વરો સંભળાતા હતા. એ સાંભળીને ત્રણે ત્રણ જણને ભારે આકર્ષણ અને શું થઇ રહ્યું છે તે જાણવાની જીજ્ઞાસા થઇ, પરંતુ ફરતી દિવાલમાં ક્યાંય દરવાજો ન હતો. એ જોઇ શું કરવું એની વિસામણમાં બધા પડ્યા. શોધખોળ કરતાં એક જણને સીડી હાથ લાગી ગઇ, એટલે તેના વડે તે દિવાલની ટોંચ ઉપર ચઢ્યો, જ્યારે બીજા બે જણા નીચે ઊભા રહ્યા. હવે અંદરના ભાગમાં શું થઇ રહ્યું છે તે દિવાલ ઉપર ચઢેલા માણસે જોતાં જ તેને એકદમ આનંદ આનંદ થઇ ગયો. એ નીચે ઊભેલા બે જણાઓને પોતે શું જોઇ રહ્યો છે એ કહેવાનુંય ભૂલી ગયો! છેવટે તે ખૂબ જોરથી હસ્યો ને દિવાલની અંદરના ભાગમાં કૂદી પડ્યો.

પેલા બે જણા આશ્ચર્યથી કહેવામાં માંડ્યાં; ''કેવો વિચિત્ર આપણો ભાઈબંધ! પોતે અંદર શું જોયું એ પણ આપણને કહ્યું



નહિ! હવે આપણે જાતે જ જોવું પડશે કે અંદર શું થઇ રહ્યું છે.''

આમ કહી બીજો માણસ પણ સીડીની મદદથી દિવાલના મથાળે ચઢ્યો, અને પહેલા માણસની જેમ, દિવાલ ઉપરથી જોતાં જ એય ખૂબ જોરથી હસ્યો ને અંદર કૂદી પડ્યો. હવે પેલા ત્રીજા માણસે શું કરવાનું! એ પણ સીડીની મદદથી દિવાલ ઉપર ચઢ્યો અને દિવાલની બીજી બાજુ શું છે તે તેણે જોયું. જે કોઇ આવે તેના માટે વિના મૂલ્યે જાણે કે આનંદનું બજાર જ હતું! એને પહેલાં તો એ વિચાર આવ્યો કે લાવને હું પણ કૂદી પડું અને આ આનંદોત્સવમાં જોડાઇ જાઉં. પરંતુ બીજી જ ક્ષણે એને વિચાર આવ્યો કે જો હું પણ ત્યાં જતો રહું તો બહાર રહેલા બીજા કોઇનેય શી રીતે ખબર પડવાની કે આવી સરસ આનંદની જગા આહીં અસ્તિત્વ ધરાવે છે! શું મારે પેલા બેની જેમ એકલપેટા થવું! એમ વિચારી એણે બળપૂર્વક પેલા આનંદપૂર્વક દૃશ્ય પરથી પોતાની નજર હટાવી લીધી ને સીડી ઉતરી ગયો. તે પછી તેને જે કોઇ મળતું તેને એ કહેતો કે ''ત્યાં સુખ ને આનંદનું બજાર છે. ચાલો મારી સાથે. આપણે સાથે મળી એનું સુખ માણીએ.'' એ રીતે બધાંને પોતાની સાથે લઇ ગયો અને સહુને એ પરમ સુખનો અનુભવ કરાવ્યો.''

રામકૃષ્ણ વારંવાર કહેતા કે સાધના કરવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ્ય બધે જ સ્થળે અને બધાંમાં બ્રહ્મનું દર્શન કરવા શક્તિમાન થવું; એ છે.આખરે સાધના એ તો દેશ અને કાળથી પર વિશ્વસર્જનના સર્વવ્યાપક કારણને જાણવાનો

પ્રયત્નમાત્ર છે. આપણે સામાન્ય મર્ત્ય માનવો કેવળ જીવોમાં રહેલી બાહ્ય ભિન્નતાને જ જોઈએ છીએ; જીવોમાં નિગૂઢ રહેલ સનાતન આત્મતત્ત્વને જોતા નથી. આપણામાં રહેલ અજ્ઞાનને લીધે જ, જીવોની પારસ્પરિક એકતાને બદલે આપણે ભિન્નતા નિરખીએ છીએ. આપણામાં અજ્ઞાન એટલા માટે છે કે માયાના આવરણની અંદર છીએ. પરબ્રહ્મ પરમાત્માની શક્તિ વડે જ આ બાહ્ય દર્શનની માયાજાળ રચવામાં આવી છે. આ કંઈ કોઈ વ્યક્તિની એકલાની ભ્રાંતિ નથી; પરંતુ માયાના પરિઘમાં આવી જતા સહુ કોઈ તેવો અનુભવ કરે છે. એટલે આપણા બધાનું બાહ્ય દર્શન લગભગ સરખું મળતું આવે છે. હું કે મને ટેબલ દેખાય છે. તો તમને પણ ટેબલ દેખાશે. પરંતુ આપણું અજ્ઞાન ટેબલના લાકડામાં વ્યાપી રહેલ બ્રહ્મનું દર્શન આપણને નહિ કરવા દે; કારણ કે ખરૂં જોતાં તો એક બ્રહ્મ સિવાય બીજા કશાનું અસ્તિત્વ જ દુનિયામાં નથી. આપણે બધાં માયાના આવરણ નીચે આવો અનુભવ કરીએ છીએ, છતાં આપણાંમાંનો કોઈ પણ વ્યક્તિગત રીતે તેમાંથી છટકી જઈને આખરે મુક્તિ મેળવી શકે એમ છે.

**(શ્રીક્રિસ્ટોફર ઈશરવુડના આધારે)**



# પ્રશ્નોત્તરી

**શ્રી યોગેશ્વરજી**

**પ્રશ્ન :** ધ્યાનમાં ત્રાટક ઉપયોગી ખરું ?

**ઉત્તર :** ધ્યાનમાં એક પ્રકારનું આંતરિક ત્રાટક થતું જ હોય છે. ત્રાટકમાં બહારના પદાર્થ કે બિંદુ પર મનને સ્થિર કરવામાં આવે છે. પ્રારંભના સાધકને ચિત્તની ચંચળતા ઓછી કરી, એક જ વિષય કે વસ્તુમાં ચિત્તને એકાગ્ર કરવામાં તે સહાયભૂત થાય છે. આમ છતાં તે ધ્યાન માટે અનિવાર્ય નથી. ધ્યાન પહેલાંની ધારણાની અવસ્થામાં પણ ચિત્તની એકાગ્રતા સંધાય છે જ. પરંતુ ધારણા અને ત્રાટકમાં તફાવત એ છે કે ધારણા આંતરિક સાધનાત્મક એકાગ્રતાની અવસ્થા છે, જ્યારે ત્રાટક બહારના વિષય કે વસ્તુ પરની એકાગ્રતા સિદ્ધ કરવા માટે કરવામાં આવતું હોય છે. એનાથી કેટલીક શક્તિઓ પ્રાપ્ત થાય તો પણ તે શક્તિઓ આત્મિક સાધનામાં ખાસ ઉપયોગી કે આવશ્યક નથી; એમ હું માનું છું. છતાં જેને રસ હોય તે તેનો અભ્યાસ કરી શકે છે.

**પ્રશ્ન :** જપની પ્રક્રિયા સાધનાની પ્રગતિમાં વિશેષ ઉપયોગી ક્યારે થઈ શકે ?

**ઉત્તર :** જપ જ્યારે સમજ ને ભાવપૂર્વક શાંતિથી કરવામાં આવે ત્યારે તે કરતાં એક પ્રકારનો આનંદ આવે છે; એવો આનંદ કેવળ સંખ્યા પૂરી કરવા માટે ઝડપથી કરાતા જપ વખતે નથી આવતો. વળી જે લોકો અમુક સંખ્યા પૂરી કરવાનો નિયમ રાખીને જપ કરતા હોય છે, તેમનું બધું જ ધ્યાન સંખ્યા પૂરી કરવા તરફ હોય છે. એટલે એમાં ઘણી

વાર મણકાઓ એક બીજાને ઓવરટેક કરી જતા હોય છે.

જો જપ ધીરેથી કરવામાં આવતા હોય તો જપના મંત્રના શબ્દોના લયમાં મન લાગવા માંડે છે તેનાથી એકાગ્રતા સાધવામાં મદદ મળે છે. એટલે જપ ધીરેથી કરવા. જપ કરતાં ઉતાવળ ન કરવી. સંખ્યા કરતાં અમુક સમય માટે જો કરવાનું રાખીએ તો એમાં ખોટી ઉતાવળ સંખ્યા પૂરી કરવા માટેની નહિ થાય. ધીરેથી પ્રેમ ને સંવાદિતાપૂર્વક કરાતા જપ ચિત્તને એકાગ્ર કરવામાં ખૂબ મદદરૂપ થાય છે.

જપ કેટલા થયા કે કેટલો વખત થયા તેના કરતાં, જપ કરતાં મન જેટલો વખત જપમાં જ રહ્યું તે મહત્વનું છે. એવા નિરીક્ષણપૂર્વક કરાતા જપ આત્મિક સાધનામાં અવશ્ય મદદ-રૂપ ને ઉપયોગી થાય છે.

**પ્રશ્ન :** કેટલેક ઠેકાણે એવું કહેવામાં આવે છે કે એકવાર સિદ્ધ દશાએ પહોંચ્યા પછીયે જ્ઞાની અને યોગી કરતાં ભક્તનું પતન થવાનો સંભવ ઓછો રહે છે. તો શું આ સાચું છે?

**ઉત્તર :** લોકો કે ગ્રંથો શું કહે છે તે ભૂલી જાઓ. તમે જ્ઞાની કોને કહો છો? જેનામાં આત્મા—અનાત્માનો વિવેક હોય, અનાત્મા પદાર્થો પ્રત્યેનો વૈરાગ્ય હોય, આ સાથે જેની મનની વૃત્તિ સદૈવ આત્મસ્થ હોય, તેને જ્ઞાની કહેવાય. ઈશ્વરના અસ્તિત્વ વિષે જેને શ્રદ્ધા ને વિશ્વાસ હોય અને જે એનો પહેલાં પરોક્ષ નિર્ણય અને પછી અપરોક્ષ અનુભૂતિ કરી ચૂક્યો હોય, તે સાચો જ્ઞાની કહેવાય છે. ગીતાના ૧૩મા આધ્યાયમાં જ્ઞાનીનાં લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે.

જ્ઞાનીનાં થોડાં લક્ષણો પણ જે સાચી રીતે ધરાવતો હોય, એવા જ્ઞાનીનું પતન થાય ખરું? કદી ન થાય.



તો હવે જે યોગી છે,—જેણે પોતાનું મન અને ઇંદ્રિયો જીતી લીધાં છે, અને જે પોતાનામાં રહેલ પરમ આત્મતત્ત્વને જોવા માટે ધ્યાન માર્ગે પ્રયત્નશીલ છે, તેનું પતન પણ શી રીતે થવાનું?

આથી ઉલટું, આજે તો ઘણાં પોતાને ભક્ત કહેવડાનાર લોકો જ્ઞાની કે યોગી કરતાં કંઇ ખોટે માર્ગ હોય એવું લાગે છે. તેઓ પણ જો ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ગીતાના બારમા અધ્યાયમાં ભક્તનાં જે લક્ષણો કહ્યાં છે, તેવાં લક્ષણો ને ગુણો ધરાવતા હોય તો તેમનું પતન ન થાય એ સમજ્યા. પરંતુ આજે થોડા ભજનો રચતાં કે સારી રીતે ગાતાં આવડ્યાં, એટલે જીવનમાં બીજી કોઇપણ આધ્યાત્મિક લાયકાત ન ધરાવતા માણસો પણ પાતાને ભક્તોમાં ખપાવવા માડ્યા છે પરિણામે ભક્ત નરસિહ મહેતા, મીરાંબાઈ, સંતતુકારામ, એકનાથ મહારાજ જેવા પ્રાતઃસ્મરણીય ભક્તરાજોની પરંપરામાં ગોઠવાઇ જવા પ્રયત્નશીલ બને છે. પરંતુ એમની દશા ઘરેથી ચરવા ગયેલી ભેંસ રસ્તામાંજ ખાબોચીયું જોતાં પાણીમાં બેસી પડે એવી જણાય છે. એ પોતાનું ઈશ્વરપ્રાપ્તિનું ધ્યેય મૂકી, ધન, કીર્તિ કે અન્ય પ્રલોભનોના. ખાબોચિયામાં ફસાઈ પોતાનું જીવન વેડફી નાખે છે. આમાં ભગવાન બિચારો પેલી ભેંસના માલિકની જેમ એની પાસે જઇ ખાબોચિયામાં પેસીને મારે તોયે તે ન ઊઠે તો પછી એની સદ્ગતિ તો થાય જ શી રીતે?

કેટલીકવાર એવું પણ જોવામાં આવે છે કે આવી ઊંચી જ્ઞાન કે યોગની દશાએ પહોંચેલા મહાપુરુષો સંસારમાં પુનઃ પ્રવેશી ગૃહસ્થી બને છે. આમાં મોટે ભાગે એમના

પ્રારબ્ધયોગો કામ કરતા હોય છે. આમ છતાંય, આ માણસોનું પતન થયું, એવું ન કહેવાય. આખરે તો માણસ ક્યાં રહે છે—ઘરમાં, મહેલમાં કે ગુફામાં એ મહત્ત્વનું નથી. પરંતુ એનું મન હરક્ષણે જો ઈશ્વર સાથે અનુસંધાન અનુભવતું હોય, તો તેને ઘર કે સ્ત્રી બાધક બનતાં નથી. આવા પુરુષો તો કો'ક વિરલાજ હોય, એ ખરું.

ઘરમાં ભલે ઘણા સાથે રહે પણ મનમાં પ્રભુ સિવાય કોઈને રાખશો નહિ.

— યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# ગામઠી સંતની અદ્‌ભુત ક્ષમાવૃત્તિ

જેસંગભાઈ હરિભાઈ પટેલ (નિવૃત્ત આચાર્ય)

શ્રી રામજી ભગતને કુટુમ્બમાં એક પુત્ર હતો અને એક પુત્રી હતી. દીકરીનું નામ રૂપાંબાઈ અને દીકરાનું નામ હરિભાઈ હતું. રામજી ભગતની ચાલીસ વર્ષની ઉમ્મરે હરિભાઈનો જન્મ થયો તે વખતે તેમની મુખમુદ્રા પર ઉદાસીનતા દેખી સગા વહાલાંએ પૂછ્યું કે આજે તમારે ઘરે પુત્ર જન્મ થયો છે, તેથી તમારે તો મોટા આનંદનો દિવસ છે. તેને બદલે તમારા મોઢા પર ઉદાસીનતા કેમ દેખાય છે? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રી રામજી ભક્તે જે શબ્દો કહ્યા તે પ્રત્યેક માનવે સમજવા જેવા છે.

તેઓશ્રીએ કહ્યું "જગતમાં અસંખ્ય જીવો જન્મે છે ને મરે છે. એમાં હર્ષ કે શોક કરવા જેવું કંઈ નથી. સાચો જન્મ તો તેનો જ કહેવાય જેને ફરી જનમવું ન પડે."

આ ઉત્તર સાંભળી સગાંવહાલાં વિચારમાં પડી ગયાં !

★ ★ ★

રામજી ભગતના વતન નજીક રહેતા પુંજીરામભાઈ શાસ્ત્રી શાળામાં શિક્ષક હતા. ભક્તરાજના પુત્ર હરિભાઈને તેઓ અભ્યાસ કરાવતા હતા. તેથી તેમની જોડે તેમને પરિચય થયો હતો. પુંજીરામભાઈને એક વખત વૈરાગ્યના આવેશમાં સંસાર છોડી ચાલ્યા જવાની ઈચ્છા થઈ અને ભક્તરાજ આગળ પોતાનો આ વિચાર દર્શાવ્યો. ત્યારે ભક્તરાજે તેમને સમજાવ્યું કે આ પ્રમાણે ખોટા આવેશને આધીન થઈ નાસી

જવાથી કાંઈ કલ્યાણ થશે નહિ. તમે નાસીને ક્યાં જશો? જ્યાં જશો ત્યાં ખાવા, પીવા અને પહેરવા તો જોઈશે જ. વળી રહેવા માટે સ્થાનની પણ જરૂર પડશે. માટે આવા ખોટા વિચારો છોડીને સંસારમાં રહી આત્મચિંતન કરો તો જલદીથી કલ્યાણ થઈ શકશે. ભગવાન કાંઈ જંગલમાં તમારી રાહ જોઈ બેઠા નથી. ભગવાન તો હૃદયમાં જ છે, જેઓ ગૃહસ્થાશ્રમની ફરજોથી કંટાળીને નાસી જાય છે તેઓ કાયર છે અને કાયરને કદી જ્ઞાન થતું નથી, માટે તમે સંસારમાં રહીને જ સાધન કરો.''

આવો અમુલ્ય ઉપદેશ સાંભળી પુંજીરામભાઈ શાસ્ત્રી તો સ્તબ્ધ જ થઈ ગયા ! તેમણે સાધુ થવાના વિચાર છોડી દઈ સંસારમાં રહીને સાધના કરવા માંડી.

★ ★ ★

ગાંઠિયોલના સંત શ્રી જેસંગ બાવજી પોતાના અનુયાયીઓ તેમ જ સત્સંગીઓને સમજાવતાં પોતાની ગામઠી મધુર ભાષામાં એક ઘટના કહે છેઃ-

રામજી ભગત અમારા ગુરૂ. કેવી અદ્‌ભુત સહનશીલતા, ધીરજ ને ક્ષમાવૃતિ ધરાવતા, એવા ગુણો સાચા સત્સંગીમાં આવવા જોઈએ.

લક્ષ્મીપુરામાં ગુરુદેવ રહેતા. ખેતી કરતા ને આત્મ-ચિંતનમાં પોતાનો મોટા ભાગનો સમય પસાર કરતા. ખેતી હોવાથી એમને ઘેર ગાયો ને બળદો હતા.

એક વાર એવું બન્યું કે એમની ગાયો ગામના એક બીજા ખેડુતના ખેતરમાં પેસી ગઈ. ઢોર થોડું કંઈ સમજે છે ભાઈ? એને થોડી ખબર પડે કે આ અમારૂં ખેતર નથી, બીજાનું છે!



આજે ઘણા માણસોય ક્યાં સમજે છે! બીજાનું અણહક્કનું લેવાની વૃત્તિ કરે એ બધા ઢોર જેવા જ.

ખેતરમાં ગાયોએ મકાઈ કે બાજરી ખાધી ને બગાડી હશે. વળી ગાયો તો ચકોર જાનવર એટલે ખેડુતને ઠીકઠીક પાછળ દોડાવ્યો હશે; ત્યાર પછીજ ખેતરમાંથી બહાર નીકળી હશે. એટલે પેલો ખેડુત ગાયો પાછળ દોડતો દોડતો ભગતના ઘર આગળ આવી પહોંચ્યો. એણે ઘણો કાળ(ગુસ્સો) ચઢેલો રામજી ભગતની આ ગાયો છે એની એને ખબર નહિ ને ભગતનો કોઈ ખાસ પરિચય પણ નહિ.

એણે તો હાથમાંની મોટી ડાંગ વડે ભગતના ઘરની ચોપાડનાં નળિયાં જોર જોરથી ફોડવા માંડ્યાં. ભગત ઘરમાં હતા, તે એકદમ બહાર દોડી આવ્યા. ખેડુતને ઘરની નાળો ભાંગતો જોઈ, એ જરાય નારાજ ના થયા, પણ ઘરમાંથી વીંઝણો(હાથ પંખો) લઈ આવી પેલા ખેડુતની પાછળ જઈ, નાંખવા માંડ્યા. પલો ખેડુત ગરમીમાં દોડવાથી પરસેવે રેબજેબ થઈ ગયો હતો ભગતને આમ પંખો નાંખતા જોઈ એ ઘડીભર ડઘાઈ ગયો! ત્યાં તો ભગતે ઘરમાંથી ઠંડુ પાણી મંગાવી લોટો એની સામે ધર્યો! પેલાને તરસ તો લાગી હતી એને ગુસ્સો હતો છતાં ઠંડું પાણી પી ગયો. પાણી પીતાંજ એના તનનો ને મનનો ઉકળાટ કંઈ ઓછો થયો. ભગતે ખૂબ પ્રેમપૂર્વક ખેડુતને કહ્યું 'ભાઈ, મારી ગાયોએ તારૂં ઘણું નુકશાન કર્યું હશે. પણ ઢોરને થોડું જ્ઞાન છે?'- આમ છતાં હું તારો ઘણો આભાર માનું છું કે ગાયોને ડબામાં પૂરવાને બદલે તું અહીં ઘરે લઈ આવ્યો. ડબે પૂરી હોત તો ગાયોને છોડાવવાના મારે પૈસા ખરચવા પડત. તારાથી ગુસ્સામાં થોડી

નાળો ફોડી નંખાઈ, કાંઈ વાંધો નહીં હું નવી લાવી ગોઠવી દઈશ.

ભગતની આટલી બધી સહનશીલતા, ધીરજ ને ક્ષમાવૃત્તિ જોઈ પેલા ખેડુતને ભારે ભોઠપ લાગી. એમની વાણીમાં ક્યાંય કડવાશ દુઃખ નહિ. ઉનાળાની ગરમીના તાપ કરતાં ભગતની ક્ષમાની ટાઢાસ ને વાણીની મીઠાશ એનાથી ન ઉપાડી, કુંભારને ત્યાં ચાલવા માંડ્યું. એણે જેટલી નાળો(માટીના નળિયાં) ભાંગી હતી એટલી લઈ આવી, ભગતની ચોપાડનાં નેવાં ફરી માંડી આપ્યાં (ગોઠવી આપ્યાં) ત્યારે જ એને શાંતિ વળી.

ભગતે ખેડુતના ગુસ્સાની સામે ક્ષમા આચરતાં, પેલા ખેડુતને પોતાના ગુસ્સા બદલ ભારે શરમ ઉપજી. એટલું જ નહિ, પરંતુ પોતાનાથી આવા સંત માણસને જે નુકશાન પહોંચાડાયું, તે ખરાબ કામ થયું એની લાજ પણ આવવા માંડી. એનો અંતર આત્મા ડંખવા માંડ્યો. એટલે એણે પોતાના મનની શાંતિ માટે, ભગતના ઘરની ફોડેલી નાળોને બદલે નવી લાવીને ગોઠવી આપી ત્યારે જ એને શાંતિ થઈ.

માણસનો પ્રેમમય વ્યવહાર કેવું પરિવર્તન બીજા માણસમાં લાવી શકે, તે રામજી ભગતે આચરી બતાવ્યું. એક સંત જ એવું કરી શકે.



# મારાં બધાં કાર્યોમાં

મારાં બધાં કાર્યોમાં તમારી મદદ માગું છું,
તમારો દિવ્ય આઠેપ્રહર આશિર્વાદ માગું છું.
મારાં૦

તમારું સ્મરણ અંતરમાં અખંડપણે ભલે ચાલે,
તમારા ભાવનાં ફૂલો ભલે હરરોજ ને ફાલે;
ખરે, ઉપકાર માનું કે તમારામાં જ જાગું છું.
મારાં૦

તમારો સાથ ને સહકાર જીવનમાં મળી જાયે,
કમી શી ધન્યતાની, કૃપાની વર્ષા સદા થાયે;
તમારી છત્રછાયા મધુર તેમ જ હૂંફ માગું છું.
મારાં૦

હશે ચિંતા પછી કૈ ના તમારા દિવ્ય સહવાસે,
તમારી શુભાશિષથી દર્દ ભય ને સંકટે નાસે;
થઈ પાગલ પગે હૈયાથકી હરરોજ લાગું છું.
મારાં૦

— યોગેશ્વરજી

# ઉપાસનાની સમજ (૨)

સ્વામી સચ્ચિદાનંદજી

## જપ

ઉપાસનાનો બીજો પ્રકાર જપ છે.

પોતાના ઈષ્ટદેવના નિશ્ચિત મંત્રની વારંવાર આવૃત્તિ કરવી તેને જપ કહે છે. ઈષ્ટ એટલે પ્રિય. પોતાના પ્રિયના નામ તથા રૂપમાં ઉપાસકને સહજ રીતે પ્રેમ હોય છે. ઉપાસક સહેજ અંતર્મુખ થઈને પોતાના પ્રભુનું રૂપ જુએ અને તેનું નામ મંત્રરૂપથી જપે તો તેને જાપ કહેવાય. કોઈ પણ ઊર્મિશીલ ચેતાનાને પામવા માટે તેનું સતત નામસ્મરણ કરવું તે મોટો ઉપાય છે. આપણા તન—મનમાંથી ઉત્પન્ન થયેલા તરંગો ક્ષમતા પ્રમાણે દૂર દૂર સુધી પહોંચતા હોય છે, તેટલું જ નહિ, નિશ્ચિત લક્ષ્ય ઉપર પ્રગટ પણ થતા હોય છે. પ્રગાઢ લાગણીઓ જો સાંસારીક રંગની હોય તો પણ તે દૂર દૂર સુધી પ્રભાવ નાખતી હોય છે. પણ જો એ જ લાગણીઓને આધ્યાત્મિક રૂપ પ્રાપ્ત થઈ જાય તો તેનો પ્રભાવ તો અમાપ થઈ જાય. ઉપાસક જ્યારે દિવસો મહિનાઓ અને વર્ષો સુધી એક જ મંત્રનો તન્મયતાથી જાપ કર્યા કરતો હોય છે, ત્યારે તેનાં તન—મન—બુદ્ધિ ઉપર સાત્ત્વિકતાનો સ્પષ્ટ પ્રભાવ પડતો હોય છે. આવો ઉપાસક જ્યાં બેસે, જેના ઉપર બેસે, જ્યાં વિચરે, જ્યાં ઉભો રહે, જે બોલે, જેના તરફ જુએ, જેને સ્પર્શે તે બધાને ક્ષમતા પ્રમાણે પ્રભાવિત કરતો હોય છે. તન, મન અને બુદ્ધિમાં થનારી પ્રક્રિયા એકબીજાને પ્રભાવિત કરતી



હોય છે. જો મસ્તિષ્કમાં ભયની અનુભૂતિ થવાથી શરીર પીળું પડી જતું હોય તથા હર્ષની અનુભૂતિથી ખીલી ઊઠતું હોય તો, વ્યક્તિની વિશુદ્ધ આધ્યાત્મિકતાથી પણ તન—મન—બુદ્ધિ પ્રભાવિત થતાં જ હોય છે.

જપ કરવાથી શું થાય તે બાબત કોઈનું પ્રવચન કે પુસ્તક વાંચવા કરતાં સ્વયં જપ શરૂ કરી દેવો. મારો પોતાનો અનુભવ છે કે તે જપ, કલ્પવૃક્ષ છે. ઉપાસક જે ધારે તે મેળવી શકે છે. તેમાં અમાપ શક્તિ છે, પણ ધીરજ, દૃઢ શ્રદ્ધા અને સમજણથી કરવામાં આવે તો. ઉપાસક જો જંગલમાં જઈને બેસે તો ત્યાં તેની પાછળ—પાછળ ઐશ્વર્ય દોડતું આવે. નિષ્કામ તથા ભાવભર્યો જપ ચિત્તની વૃત્તિઓનું શોધન કરે છે. સદ્‌ગુણોની વૃદ્ધિ અને દુર્ગુણોની સમાપ્તિનું નામ ચિત્તશુદ્ધિ છે. પાંડિત્યને અને દુર્ગુણોને ઘણી વાર સુમેળ થઈ જતો હોય છે. પ્રકાંડ વિદ્વાન પણ દુર્ગુણી તથા દુરાચારી હોઈ શકે. કારણ, વિદ્વત્તા એ બુદ્ધિ ભક્તિ વિના શુદ્ધિ નથી પામતી, સંપત્તિ, ભોગવિલાસ અને સત્તાના મદમાં ડૂબનારને બચાવી શકાય છે, પણ બુદ્ધિમાં એટલે ભક્તિ વિનાના પાંડિત્યમાં ડૂબનારને બચાવી શકતો નથી. કારણ કે બચાવનારને જ તે લાત મારે છે.

ઉપાસક જપની સતત પ્રક્રિયા દ્વારા નમ્રતા, વિનય, વિવેક, સહિષ્ણુતા, ઉદારતા, ત્યાગ, વૈરાગ્ય, સંયમ વગેરે અનેક ગુણશક્તિઓ મેળવે છે. વ્યક્તિ માટે સદ્‌ગુણોથી મોટું કોઈ ઐશ્વર્ય નથી અને દુર્ગુણોથી મોટો કોઈ શત્રુ નથી. જપ કરવાથી ઉપાસકને આ સદ્‌ગુણોનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે અને કુસંગથી દુર્ગણો વધે છે.

જપનું સૌથી પ્રબળ સહાય સાધન છે સત્સંગ. સત્સંગથી ઉપાસના દૃઢ થતી હોય છે. જો નિષ્ઠા દૃઢ કરવી હોય તો નિષ્ઠાવાન માણસોનો સંગ કરવો, નિષ્ઠા છોડાવનારનો સંગ ન કરવો. સાચો નિષ્ઠાવાન માણસ મળવો દુર્લભ છે. સત્સંગની ઈચ્છા રાખનારે આટલા માણસોથી દૂર રહેવું : નિષ્ઠાહીન નાસ્તિકથી, પોતાને જ ઈશ્વર બનાવનાર અને જ્ઞાની હોવાનો દાવો કરનારથી, પોતાને ઈશ્વર બરાબર સમજાવનાર અને પૂજાવનાર ગુરુવાદીથી, સંકીર્ણ સંપ્રદાય-વાદીથી અને જાણીકરીને પ્રદર્શન કરવા માટે વેશ તથા માળાતિલક વગેરેનો ખૂબ આડંબર કરનારાથી. જો ઉપાસક ગોળ અને ખોળનો વિવેક નહિ કરી શકે તો ઉપર કહ્યા તે લોકો સત્સંગના નામે ઉપાસકને કુમાર્ગે ઘસડી જશે. ઉપાસકે વર્ણ—વેશ—વંશ અને આડંબરથી પ્રભાવિત થયા વિના જયાં સાત્ત્વિકતા અને સાચી ઉપાસના દેખાય તેનો સંગ કરવો.

ઉપાસકે ભોજન, આસન અને સ્થાન માટે દુરાગ્રહી ન થવું. હું અમુક જ વસ્તુઓ ખાઈશ, હું અમુક જ આસન ઉપર બેસીશ તથા અમુક જ સ્થાનમાં રહીશ તેવું સમજીને વર્તવું તે દુરાગ્રહ છે. હિમાલયની ભૂમિ તથા અહીંની ભૂમિ પ્રભુની જ બનાવેલી છે. ભૂમિ—જળ પવન વગેરેમાં વૈજ્ઞાનિક કારણો સિવાયનો ભેદ ન જોઈએ. ઉપાસકે સહજ તથા અગવડ ન થાય તેવું જીવન જીવવું. બીજાની અગવડોનો જે વિચાર નથી કરતો તે કદી સંત થઈ શકે નહિ. જીવનને એવા કઠોર તથા આવશ્યક નિયમોમાં ન ધકેલો કે જેથી તમો સૌના માટે અગવડરૂપ બની જાવ. અગવડો વધારનાર નિયમો પાળનાર-થી પ્રભાવિત ન થાવ. તે અવિવેકી તથા જડ છે. પોતે જ



પોતાની મૂર્ખતાથી દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. જીવન તો સહજ સરળ અને નિખાલસ માર્ગે જ સુખી થતું હોય છે.

જપના મુખ્ય બે પ્રકાર છે : વાચિક તથા માનસિક. ધીમું ધીમું ઉચ્ચારણ કરીને જપ કરવો તે વાચિક છે. ઉચ્ચારણ કર્યા વિના તથા હોઠ પણ ફફડાયવ્યા વિના મનમાં ને મનમાં જ જપ કરવો તે માનસિક છે. કેટલાંક લોકો ઉપાંશુ નામનો ત્રીજો જાપ માને છે, જે વાચિક તથા માનસિક વચ્ચે હોઠ ફફડાવીને થતો હોય છે. ઘણા સમય સુધી જેણે વાચિક જાપ કર્યા હોય તે પાછળથી માનસિક જાપનો અધિકારી થતો હોય છે. કેટલીક વાર જાપ કર્યા વિના સીધો જ માનસિક જાપ કરનારો પણ થઈ શક્તો હોય છે. માનસિક જાપ વારંવારના અભ્યાસથી સૂતાં, બેસતાં, ઊઠતાં, હરતાં-ફરતાં બધા જ સમયે આપોઆપ થવા લાગતો હોય છે. ઉપાસકે કંટાળ્યા વિના પોતાની યોગ્યતા પ્રમાણે વાચિક અથવા માનસિક જાપ કરવો અથવા અમુક સમયે વાચિક તથા અમુક સમયે માનસિક જાપ કરવો. વાચિક જાપ કરનારે એવી રીતે બૂમબરાડા ન પાડવા કે જેથી કોઈની ઊંઘ બગડે, કોઈનું ધ્યાન બગડે કે કોઈને કોઈ પણ રીતે ખલેલ થાય.

## મંત્ર

જાપ કરવા માગનાર ઉપાસકે કોઈ ગુરુ પાસેથી મંત્ર લેવો અનિવાર્ય નથી. પરમાત્માનાં અનંત નામોમાંથી જે નામ તથા રૂપ પ્રત્યે પોતાને પ્રીતિ થતી હોય તે નામ જપવું. સદ્‌ગુણોથી ભરેલી તમામ વ્યક્તિઓને સંત સમજી સૌની પાસેથી માર્ગદર્શન મેળવવું. પણ ચીલાચાલુ લીધું પૂરું કરવા ગમે તેવા

માણસોને ગુરુ ન બનાવવા. બને ત્યાં સુધી ગુરુવાદથી દૂર રહેવું. આંખ મીચીને હજારોને ચેલા બનાવનાર તથા આંખ મીચીને દેખાદેખી ચેલા થઈ જનારામાંથી પ્રથમ પ્રજાને છેતરનારા છે અને બીજાં ભોટ ઘેટાં છે.

પોતાની મેળે જ ઉપાસકે પોતાના પ્રભુનું પ્રિય નામ સ્વીકારવું. તેને મંત્ર માનીને તેનો જાપ કરવો. મંત્ર નાનો તથા ઉચ્ચારણમાં સરળ તથા મધુર હોય તેની કાળજી રાખવી. વારંવાર મંત્ર બદલવાથી અસ્થિરતા આવે છે. એટલે ઉપાસકે દૃઢતાથી પોતાના મંત્રને વળગી રહેવું.

## સાકાર—નિરાકાર

ઉપાસકે પોતાની રુચિ પ્રમાણે પરમેશ્વરને સાકાર અથવા નિરાકાર રૂપમાં ઉપાસવો. તે નિરાકાર જ છે અથવા તે સાકાર જ છે તેવો વિવાદ ન કરવો. બંને પોતપોતાના માર્ગે કલ્યાણ સાધી શકે છે. ઉપાસક પરમેશ્વરને જ્યારે નિરાકાર માનીને ઉપાસના કરે છે ત્યારે ઘણા પ્રશ્નોથી મુક્ત થઈ જાય છે, જેમકે તેની એકતા, અનેકતા, રૂપભેદ વગેરે. પરમેશ્વરને સર્વવ્યાપક, અંતર્યામી, સર્વશક્તિમાન વગેરે અને લક્ષણોથી તેના સ્વરૂપને કાંઈક સમજવાનો પ્રયત્ન થાય છે. પરમેશ્વર માટે આપણે ઈયત્તા બાંધી ન શકીએ. અર્થાત્ તે આટલો જ, આવો જ અને આ રીતના જ છે. તેવું નક્કી ન કહી શકીએ. આપણે તો માત્ર આપણા સંતોષ માટે તેના વિશે કાંઈક વિચારી શકીએ. ખરેખર તો તે શું છે, તે બધું તો તે જ જાણે. હારીને હાથ જોડીને તેના વિશે વાત કરનાર કાંઈક તથ્યની વાત કરી શકશે. પણ સાક્ષાત્કારનો દાવો કરનાર અને સાક્ષાત્કાર કરાવી આપવાનો દાવો કરનારા તો તેનાથી હજારો



માઈલ દૂર રહે છે. આવા દાવેદારોથી ઉપાસકે દૂર રહેવું.

સાકારના ઉપાસકે કેટલીક ગૂંચો રહેવાની. એક તો તેનું ક્યું સાકાર રૂપ સાચું તેની મૂંઝવણ રહેશે. એકાદ રૂપ નક્કી કર્યા પછી બીજાં રૂપો પ્રત્યે અભાવ નહિ તો ઓછો ભાવ તો થઈ જ જશે. આમાંથી ઉપાસકોમાં પારસ્પરિક ભગવાનનાં નામ તથા રૂપનો વિખવાદ થયા કરશે. આ બધાં સાકાર રૂપો કાલ્પનિક છે તેવું સમજાય તો સાકાર રૂપ પ્રત્યે જે લગન જાગવી જોઈએ તે નહિ જાગે. એટલે તેને પોતાનું સાકાર રૂપ જ સાચું તથા સર્વોચ્ચ છે તેવી મનોભૂમિકામાં જીવવું પડશે. આવી સ્થિતિમાં ભગવાનોમાં ભેદ, નાના—મોટા, સમર્થ—અસમર્થ વગેરેના ભેદો થયા વિના રહેશે નહિ. અસંખ્ય ઈષ્ટદેવોથી પણ પ્રજા વિભાજિત થતી રહી છે. પણ આપણે આ ક્ષેત્રમાં એટલા આગળ વધી ગયા છીએ કે પ્રજાને પાછી વાળવાના બધા ઉપાયો નિષ્ફળ નીવડ્યા છે. એટલે, આ સ્થિતિને સ્વિકારીને શક્ય તેટલી સહિષ્ણુતા કેળવવાની રહી.

(ક્રમશઃ)

અત્યંત કોપ, કડવી વાણી, દરિદ્રતા, સંબંધીઓમાં વૈરભાવ, નીચનો સંગ અને કુળહીનતાની સેવા, એ ચિહ્ન નરકમાંથી જન્મેલાના દેહમાં સ્વભાવથી હોય છે.

**ચાણક્ય—નીતિસાર**

# એક તીર્થ પુરોહિત

ભાણદેવજી

હિમાલયની એક લાંબી યાત્રા દરમિયાન અમે કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ગઢવાલની અમારી યાત્રા પૂરી કરી ચૂક્યા હતા. હવે અમે કુમાઉંની યાત્રાનો પ્રારંભ કરી રહ્યા હતા. હિમાલયના ઉત્તરાખંડ વિસ્તારના બે વિભાગ છે, ગઢવાલ અને કુમાઉં. ગઢવાલનું પ્રવેશદ્વાર ઋષિકેશ અને કુમાઉંનું પ્રવેશદ્વાર હલદ્વાની છે. ઉત્તરાખંડના ગઢવાલ વિસ્તારની યાત્રા પૂરી કરી હવે અમારી કુમાઉં વિસ્તારની યાત્રાનો પ્રારંભ કરવાનો છે. તે માટે અમે ઋષિકેશથી બસદ્વારા હલદ્વાનીની યાત્રા કરી રહ્યા હતા.

અમે જે બસમાં યાત્રા કરી રહ્યા હતા, તે બસમાં ખૂબ ગિરદી હતી. બહુ પ્રયત્ને, માંડ માંડ બસમાં પ્રવેશ મળ્યો હતો. બસમાં અનેક યાત્રીઓની સાથે અમે પણ ઊભા હતા. બસમાં ઊભા રહેવા માટે તો અમે ટેવાયેલા છીએ, પરંતુ આ બસમાં તો એવી ગિરદી હતી કે સરળતાથી ઊભા રહી શકાય તેટલી જગ્યા પણ ન હતી. અનેક યાત્રીઓની સાથે અમે પણ કષ્ટપૂર્વક ઊભા હતા.

આ રસ્તો મોટેભાગે સપાટ ભૂમિપરથી પસાર થાય છે, છતાં કોઈવાર થોડું હળવું ચઢાણ–ઊતરાણ પણ આવે છે. રસ્તાની ડાબી બાજુએ હિમાલયની પર્વતમાળા છે, અને જમણી બાજુએ ઉત્તરભારતનો સપાટ પ્રદેશ છે. ફલદ્રુપ ભૂમિ હોવાને લીધે જમણી બાજુએ હરિયાળાં ખેતરો છે. હિમાલયમાંથી નીકળતાં અનેક નદીઝરણાંઓ આ રસ્તાને વટાવીને



સમતલ ભૂમિમાં પ્રવેશે છે. યાત્રા દરમિયાન રસ્તાની બંને બાજુ આવતી સૌંદર્યશ્રીનાં દર્શન કરવાં, તે પણ યાત્રાનો જ ભાગ છે. પરંતુ બસમાં અમારી દશા એવી છે કે ક્વચિત ડોકિયું કરવા સિવાય કે બસ કોઇ ગામ કે શહેર પાસે ઊભી રહે ત્યારે જે દર્શન થાય. તે સિવાય અમને આ વિસ્તારની સૌંદર્યશ્રીનાં દર્શન થતાં નથી.

ઋષિકેશથી હલદ્વાનીની યાત્રા ઠીકઠીક લાંબી છે. અમે આ કઠિન અવસ્થામાં ઊભા રહીને હવે થાક્યા પણ છીએ, અને કંટાળ્યા પણ છીએ.

બે એક કલાક તો આમ પસાર થયા. અચાનક જ મને ઉદ્દેશીને બોલાયેલું એક વાગ્ય સંભળાયું, ''સ્વામીજી આપ બેસો, હું ઊભો રહું છું.''

મને નવાઇ તો લાગી જ, પણ આનંદ પણ થયો. આવી કઠિન અવસ્થામાં એક સજ્જન માણસે મારી વિટંબણા પારખી છે, એટલું જ નહિ, પણ પોતાનું બેસવાનું સ્થાન મને આપીને પોતે મારા સ્થાન પર કઠિન અવસ્થામાં ઊભા રહેવા તૈયાર થયા છે. ઉંમરમાં તેઓ મારાથી નાના નહિ, મોટા જણાય છે. અમારી વચ્ચે પહેલાંનો કોઇ પરિચય હોય તેમ પણ લાગતું નથી.

મેં તેમની સામે જોયું, તેમનાં દર્શન કર્યાં. ઉજ્જ્વળ ગૌરવર્ણનો લાલાશયુક્ત ગોટમટોળ ચહેરો છે. સફેદ ધોતી, આછા પીળા રંગની કફની અને માથે સફેદ ટોપી ધારણ કરેલી છે. તેમનો ચહેરો પ્રથમ દૃષ્ટિએ જ સાત્ત્વિક લાગે છે. સચ્ચાઇ અને લાગણીશીલતા જણાઇ આવે છે, ઊડીને આંખે વળગે છે.

આ ગિરદીમાં ઊભું રહેવું કઠિન છે, પણ અશક્ય નથી. ઉંમરમાં મારાથી નાના નથી, મોટા છે. તેમને ઊભા રહેવું પડે અને તેમના સ્થાને મારે બેસવું, તે મને રુચિકર લાગ્યું નહિ. તેમનું સૌજન્ય તો સ્પર્શી જાય તેવું પણ મારાથી તેમને ઊભા રાખવાનું દૌર્જન્ય કેમ દાખવી શકાય? તેમના પ્રસ્તાવનો સ્વીકાર મારાથી થઇ શક્યો નહિ.

બસ આગળ ચાલી તેમ તેમ સંકડાશ કાંઇક ઓછી થવા માંડી. થોડા યાત્રીઓ પોતાનું સ્થાન આવ્યું એટલે ઊતર્યા પણ ખરા, અને થોડા આજુબાજુમાં ગોઠવાઇ ગયા. બસ આગળ ચાલી રહી છે. એક નાનું શહેર આવ્યું. તે સજ્જન પુરુષનો મધુર કંઠ ફરી સંભળાયો.

“સ્વામીજી, મારી બાજુમાં બેઠેલા આ સજ્જન અહીં ઊતરી રહ્યા છે. હવે અહીં જગ્યા થશે. આપ આવો, અહીં બેસો.” હું તેમની બાજુમાં ગોઠવાયો. હવે અમારી વચ્ચે વાતચીત, અને વાતચીતદ્વારા પરિચય થયો.

તેમનું નામ પંડિત રામકૃષ્ણ ભક્ત છે. તેઓ હરિદ્વારના તીર્થ પુરોહિત છે તેમનું નિવાસસ્થાન અને ધર્મશાળા હરિદ્વારમાં ‘હરકી પેડી’ની બાજુમાં જ છે. તેઓ સમગ્ર કૂર્માચલ (કુમાઉં) વિસ્તારના પુરોહિત છે, તેથી કૂર્માંચલીય તીર્થ પુરોહિત ગણાય છે. તેમના વ્યક્તિત્વમાં સાવ સાચું અને ગહન માધુર્ય છે. તેમનું આ માધુર્ય તેમના ચહેરા પર, તેમની વાણીમાં અને તેમના વર્તનમાં પણ વ્યક્ત થાય છે, ટપકે છે.

અમારી બસ યાત્રા હવે સુખપ્રદ બની. બસમાં યાત્રી-ઓની સંખ્યા ઓછી થઇ ગઇ છે. લગભગ બધાને બેસવાનું સ્થાન મળી ગયું છે. રસ્તાની બંને બાજુની સૌંદર્યશ્રીને



નીરખતાં નીરખતાં, અને વચ્ચે વચ્ચે થોડી વાતો કરતાં કરતાં અમે આગળ વધી રહ્યા છીએ. પંડિત રામકૃષ્ણજીનો આત્મીયભાવ સ્પર્શી જાય તેવો છે.

બસ એક સ્થાન પર ઊભી રહી. કન્ડક્ટરે જાહેરાત કરી, “ભોજનનો વિશ્રામ છે. બસ અહીં અડધો કલાક ઊભી રહેશે.” મોટાભાગના યાત્રીઓ ભોજન—નાસ્તો કરવા માટે નીચે ઊતર્યા. પંડિતજીએ મને નિમંત્રણ આપ્યું, “સ્વામીજી, આપ મારી સાથે ભોજન લેવાની કૃપા કરો.” પંડિતજીનો આત્મભાવ એવો સાચો છે કે તેમની સાથે ભોજન લેવામાં હવે મને સંકોચ રહ્યો નહિ. તેમણે પોતાની બેગ ખોલી. ઘેરથી જ સાથે રાખેલું ભાથું બહાર કાઢ્યું. અમે સાથે બેસીને ભોજન કર્યું. શુદ્ધ સાત્ત્વિક ભોજન પામીને સંતોષ થયો. પરંતુ રામકૃષ્ણજીની સજ્જનતાનો અંત નથી. નીચે જઇને ફળ ખરીદી લાવ્યા. ભોજન કરીને તુરત ફળભોજન પણ થયું.

આ રીતે એક ભલા સજ્જન પુરુષ સાથે યાત્રાનો આનંદ માણતાં માણતાં સાંજે અમે હલદ્વાની પહોંચ્યા.

હલદ્વાનીમાં રાત્રિ નિવાસ માટે કોઇ ્સથાનની મને જાણકારી નથી. આ નાનાં નગરમાં ક્યાં ઊતરશું, તેનો વિચાર મારા મનમાં ચાલતો હતો. બસ હલદ્વાનીના બસસ્ટેન્ડ પર પહોંચી એટલે, ઊતરતાં પહેલાં જ પંડિતજીએ મને પૂછ્યું,

“આપ હલદ્વાનીમાં ક્યાં ઉતરશો?”

મે જવાબ આપ્યો,

“કોઇ નિયત સ્થાનની જાણકારી નથી. કાંઇક વ્યવસ્થા થઇ રહેશે.”

તેમણે તુરત જ પ્રસ્તાવ મૂક્યો, અરે! નિમંત્રણ જ આપ્યું,

"સ્વામીજી, આપ મારી સાથે આવો. આપને મારી સાથે કોઈ કષ્ટ નહિ થાય, અને મને આપના સત્સંગનો લાભ મળશે. આપ એટલી કૃપા કરો."

મારે અને રામકૃષ્ણજીને બસમાં સહયાત્રા કરવા સિવાય કોઈ વિશેષ પરિચય કે સંબંધ નથી. આ ભલા માણસ બધી રીતે મારી સુવિધા, સગવડતા જાળવવાનો હૃદયપૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે. મનમાં મને થોડો સંકોચ થાય છે કે હું આ ભલા સજ્જન પુરુષને કષ્ટ તો નથી આપી રહ્યો ને! હું મીઠા ઝાડનાં મૂળ તો નથી કાપી રહ્યો ને! મારો આ મનોભાવ મેં વ્યક્ત પણ કર્યો,

"આપે મારા માટે ઘણું કષ્ટ ઉઠાવ્યું છે. હવે આપને વિશેષ કષ્ટ આપવું નથી. હું મારી અન્ય કોઈ વ્યવસ્થા ગોઠવી લઈશ."

ભલા માણસોને ભલાઈ આચરતાં કષ્ટ થતું નથી, તે જ તો તેમની ભલાઈ છે. તેમણે નિર્દંભ ભાવે કહ્યું,

"નહિ, નહિ, સ્વામીજી! આપ મારી સાથે જરૂર આવો. મને કે અન્ય કોઈને કોઈ કષ્ટ નહિ થાય. અમને સૌને આનંદ જ થશે."

મેં તેમના નિમંત્રણનો સ્વીકાર કર્યો, અને બસમાંથી ઊતરીને અમે સાથે ચાલ્યા.

અહીં હલદ્વાનીમાં એક ભૈરવમંદિર છે. મંદિર સાથે સંલગ્ન નાની સંસ્કૃત પાઠશાળા પણ છે. પાઠશાળાના થોડા વિદ્યાર્થીઓ અહીં રહે પણ છે. બાજુમાં એક નાનો આશ્રમ છે. આશ્રમમાં એક સંન્યાસિની માતાજી રહે છે. આ માતાજી



જ મંદિર, પાઠશાળા અને આશ્રમના અધ્યક્ષ છે. કૂર્માચલીય પુરોહિત હોવાને નાતે પંડિતજી આ આશ્રમના પણ તીર્થ-પુરોહિત ગણાય. આ સંબંધે આશ્રમના માતાજી સાથે તેમનો જૂનો પરિચય છે. સંન્યાસિની માતાજી અને તેમના સેવકો—શિષ્યો જ્યારે હરિદ્વાર જાય ત્યારે પંડિતજીના યાત્રી નિવાસમાં જ તેમના નિવાસ—ભોજનની વ્યવસ્થા થાય છે. માતાજી સાથેના આ પરિચયને નાતે જ તેઓ જ્યારે અહીં આવે ત્યારે આ ભૈરવમંદિરની પાઠશાળામાં તેમના નિવાસ—ભોજનની વ્યવસ્થા થાય છે. આ માતાજીએ જ તેમને કોઈક કામ માટે હરિદ્વારથી અહીં બોલાવ્યા છે, તેથી જ સાથે ગંગાજળનો કેરબો લઈને તેઓ આજે અહીં આવ્યા છે.

અમે બંને બસસ્ટેન્ડથી ચાલીને ભૈરવમંદિર તરફ જવા નીકળ્યા. રસ્તામાં પંડિતજીના અનેક યજમાનો મળ્યા. બધા બહુ પ્રેમ અને આદરપૂર્વક પંડિતજીનું અભિવાદન કરતા હતા. ભૈરવમંદિરે પહોંચ્યા એટલે મંદિરના પૂજારીએ અને પાઠ-શાળાના વિદ્યાર્થીઓએ પંડિતજીનું અને સાથે મારું પણ સ્વાગત કર્યું. પંડિતજીના મધુર વ્યક્તિત્વની મધુર છાપ સૌના ચિત્તમાં પહેલેથી અંકિત થયેલી હોય તેમ સર્વત્ર જોવા મળે છે. જે સારા હોય તેની સારપની સુવાસ સર્વત્ર ફેલાય છે. દાબી દૂબી ના રહે કસ્તુરીકી બાસ!

થોડીવાર વિદ્યાર્થીઓ સાથે બેસીને અમે સ્નાન અને સાયં સંધ્યા—પૂજા આચરી. સાંજની આરતી પૂરી થયા પછી અમે આશ્રમમાં સંન્યાસિની માતાજીને મળવા ગયા. ભોજન પણ તેમની સાથે જ લીધું. રાત્રે સૂવા માટે ભૈરવમંદિરની પાઠ-શાળામાં અમારે ઉતારે આવ્યા. સામાન્ય રીતે પંડિતજી

રાત્રિનિવાસ આશ્રમમાં જ કરે છે. પરંતુ મને એકલા અગવડતા ન પડે તે માટે મારી સાથે રાત્રિનિવાસ માટે પાઠશાળામાં આવ્યા. આ ભલા માણસની ભલાઈ ડગલે ને પગલે જોવા મળે છે.

આપણા આ પંડિતજી તીર્થપુરોહિત છે. તીર્થપુરોહિતને આપણે બોલચાલની ભાષામાં 'પંડા' કહીએ છીએ. પંડાઓના વ્યક્તિત્વ અને રીતભાત વિશે આપણા મનમાં એક ખાસ ચિત્ર છે. સામાન્ય જનમાનસમાં પંડાઓ વિશે બહુ આદરભાવ નથી. પંડાઓ પ્રત્યે લોકોને કાંઈક અણગમો અને કાંઈક સંકોચભાવ પણ હોય છે. પંડાઓ એટલે યાત્રીઓ પાસેથી યેનકેન પ્રકારે પૈસા કઢાવનાર, તેવી છાપ જનમાનસમાં પંડાઓ વિશે છે. પરંતુ આપણા આ પંડિત રામકૃષ્ણજી જુદી માટીના પંડા છે.

પંડિતજીના વ્યક્તિત્વની કેટલીક લાક્ષણિકતાઓ તો ઊડીને આંખે વળગે એવી છે. તેમના વ્યક્તિત્વની પ્રથમ લાક્ષણિકતા છે—તેમની મધુરતા. તેમના ચહેરાનો દેખાવ—ભાવ, તેમની વાણી, તેમનો વ્યવહાર—સર્વત્ર જાણે મધ ટપકતું હોય તેવી મીઠાશ જોવા મળે છે. તેમની આ મધુરતા કૃત્રિમ કે નકલી નથી, પરંતુ સાચી, સહજ અને સ્વાભાવિક છે. તેમના વ્યક્તિત્વમાં બીજું તત્ત્વ છે—ભલાઈ. તેમના વ્યક્તિત્વમાં ભલાઈ એટલી રસાઈ ગઈ છે કે તેમના વ્યવહારમાં ડગલેને પગલે ભલાઈ જોવા મળે છે. મારે ને તેમને કશો સંબંધ નથી. મારી પાસેથી કાંઈ મેળવી લેવાની તેમની કોઈ અપેક્ષા નથી, છતાં કશાયે કારણ વિના સહજ સ્વાભાવિક રીતે તેઓ સતત મારી કાળજી રાખે છે. આ છે તેમની ભલાઈનું જીવતું જાગતું



દૃષ્ટાંત. તેમના વ્યક્તિત્વમાં ત્રીજી લાક્ષણિકતા છે તેમની સૌના પર શ્રદ્ધા મૂકવાની—સૌને સારા માનવાની શક્તિ. જાણીતા માનવબંધુઓને સારા માનવા તે સદ્‌ગુણ છે, પરંતુ કશો પરિચય ન હોય તેવા, સાવ અજાણ્યા માનવને સારા—સાચા માની તેમને સાવ પોતાના માનવા, તેમના પર શ્રદ્ધા મૂકવી, તે મહાનતા છે. આવી ઉમદા મનોદશા વ્યક્તિત્વનું એક મૂલ્યવાન જમા પાસું છે. આપણા પંડિતજીમાં સૌને સારા માનવાની, સૌ પર શ્રદ્ધા મૂકવાની અસાધારણ શક્તિ છે.

અહીં હલદ્વાનીમાં મારી હાજરીમાં પંડિતજીને અનેક માનવબંધુ સાથે મળવાનું બનતું હતું. તેમનો લોકો સાથેનો વ્યવહાર અને લોકોનો તેમની સાથેનો વ્યવહાર મેં નજરોનજર જોયો છે. મને લાગ્યું કે લોકો પંડિતજીને સંત માનીને તેમની જાણે પૂજા કરી રહ્યા છે, અને પંડિતજી લોકોને જાણે પ્રભુનાં સ્વરૂપો માનીને તેમને સૌને જાણે મસ્તકે ચડાવી રહ્યા છે. પંડિતજીની ચારે બાજુ સર્વત્ર જાણે સૌજન્ય, ભલાઈ, માધુર્ય અને અન્યોન્ય શ્રદ્ધાની લહાણી ચાલી રહી છે.

બીજે દિવસે સવારે મારે અહીંથી કુમાઉંની યાત્રા માટે નીકળવાનું છે. પંડિતજી રાત્રે એકલા જ આશ્રમે માતાજી પાસે ગયા, અને કુમાઉંનો એક નકશો લઈ આવ્યા. નકશાને સાથે રાખીને તેમણે મને મારી કુમાઉંની યાત્રાનો કાર્યક્રમ ગોઠવી આપ્યો. સમગ્ર કુમાઉં પ્રદેશના તીર્થપુરોહિત હોવાને નાતે તેમને કુમાઉંમાં વારંવાર આવવાનું બનતું હશે, અને કુમાઉંના લોકો—તેમના યજમાનો પણ તેમની પાસે સતત આવતા રહેતા હશે. આમ હોવાથી સ્વાભાવિક રીતે જ તેઓ કુમાઉં પ્રદેશના સારા જાણકાર છે. તેમની આ જાણકારી અને

નકશાને આધારે તેમણે રાત્રે ત્રણેક કલાક જાગીને મારી કુમાઉં યાત્રાનો બહુ વિગતવાર કાર્યક્રમ તૈયાર કરી આપ્યો એટલું જ નહિ પરંતુ કયા સ્થાનમાં શું શું દર્શનીય છે, કોને કોને મળવાનું તથા ભોજન–નિવાસની વ્યવસ્થા ક્યાં થશે તેની પણ નોંધ કરી આપી.

સવારે સ્નાન–પૂજા કરીને હું બસ સ્ટેશને જવા નીકળ્યો. અહીંથી મારે ભીમતાલ જવાનું હતું. પંડિતજી મારો સામાન ઊંચકીને મારી સાથે બસસ્ટેશન સુધી આવ્યા. બસસ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓમાંના અનેક તેમના પરિચિત છે. તેઓ બહુ આદરપૂર્વક પંડિતજીને વંદન કરે છે, તેમનું અભિવાદન કરે છે. હું ભીમતાલની બસમાં બેઠો. પંડિતજીએ પોતાના ગજવામાંથી કાઢીને સો રૂપિયાની નોટ મારા હાથમાં મૂકી. મેં બહુ મહેનતે રૂપિયા પાછા વાળ્યા. પંડિતજીએ મારી સાથે જે અસાધારણ સૌજન્ય, ભલાઈ અને પરગજુ વૃત્તિ દાખવ્યા હતા તેની પાછળ તેમનો કોઈ સ્વાર્થ ન હતો. તેઓ મારી પાસેથી કશું મેળવવા ઈચ્છતા ન હતા. તેમનો આ સદ્‌વ્યવહાર તેમના વ્યક્તિત્વની સહજ અભિવ્યક્તિ હતી.

બસ ઊપડી. પંડિતજીએ બે હાથ જોડી વંદન કર્યાં. મેં પણ તેમને વંદન કર્યાં. હરિદ્વાર જવાનું બને ત્યારે તેમના સ્થાન પર જ ઊતરવાનું તેમણે મને ભાવભર્યું નિમંત્રણ પણ આપ્યું. બસ આગળ ચાલી. તેમની ભલાઈની સુગંધથી મારું મન તરબતર થઈ ગયું.

આઠેક વર્ષ પછી હરિદ્વારના કુંભમેળામાં જવાનું બન્યું. મારું નિવાસસ્થાન તો કનખલમાં હતું, પરંતુ પંડિતજીના સ્નેહથી ખેંચાઈને હું તેમને મળવા ગયો.



મને જોઈને પ્રસન્ન થઈ ગયા. ખરેખર તો તેમના વ્યક્તિત્વનું સ્વરૂપ જ એવું છે કે તેઓ સદા પ્રસન્ન જ રહે છે. મને જોઈને તેમની પ્રસન્નતા ઊછળી આવી. તેમના લાલ ચહેરા પર તેજ તો સદા તગતગતું રહે છે. હાસ્યની છોળ ઊડાડતા બોલ્યા,

“આવો, આવો સ્વામીજી! બહુ કૃપા કરી. આપનો સામાન ક્યાં છે?”

મેં તેમને સમજાવ્યા કે મારો ઉતારો કનખલમાં છે, અને મારો સામાન પણ ત્યાં જ છે. મારા નિવાસ–ભોજનની વ્યવસ્થા અન્યત્ર ગોઠવાઈ છે, તે જાણીને મને મીઠો ઠપકો આપતાં બોલ્યા,

“સ્વામીજી, આપની મારા પર એટલી ઓછી કૃપા ગણાય. આપ અહીં કેમ ન આવ્યા? આપના નિવાસ–ભોજનનો ઉચિત પ્રબંધ અહીં છે. આપ હજુ પણ સામાન લઈને અહીં આવશો તો મારું સદ્‌ભાગ્ય ગણાશે.”

તેઓ મને પોતાના યાત્રીભવનની ઓફિસમાં દોરી ગયા. એક લોટો ભરીને દૂધ મંગાવ્યું, અને મને સ્નેહાગ્રહપૂર્વક પાઈ દીધું. મને વારંવાર સામાન લઈને અહીં આવી જવાનો આગ્રહ કરી રહ્યા છે. થોડીવારમાં પંડિતજીનો પુત્ર આવ્યો. પંડિતજીની સૂચનાથી તેણે મને પ્રણામ કર્યા. પંડિતજીએ ફરીવાર આગ્રહ કર્યો,

“સ્વામીજી, આ મારો પુત્ર છે. સ્કૂટર પર આપના મુકામ પર આપને લઈ જશે. આપ આપનો સામાન લઈને તેમની સાથે સ્કૂટર પર અહીં પધારો. આપ ઈચ્છો તેટલું અહીં રહો. આપની ઉચિત વ્યવસ્થા અહીં થશે.”

મેં તેમને બહુ મહેનતે સમજાવ્યા કે હું જ્યાં ઊતર્યો છું, ત્યાં કોઈ અસુવિધા નથી. વળી જે સ્થાન પર ઊતારો કર્યો હોય તે સ્થાન છોડીને અન્યત્ર જવું, તે વ્યવહાર ઉચિત ન ગણાય. આવા વ્યવહારથી આપણે તે સ્થાનના અધ્યક્ષની અકારણ્ય અવગણના કરી ગણાય. એટલે આ વખતે તો મારાથી અહીં આપના યાત્રીભવનમાં રહેવા માટે ન આવી શકાય. આખરે તેમણે મારી વાત સ્વીકારી.

હરિદ્વારમાં કુંભમેળો ચાલુ હોવાથી માણસોની આવન-જાવન તો, જેમ સર્વત્ર તેમ અહીં પણ ચાલુ જ છે. પંડિત રામકૃષ્ણજીનો સૌની સાથેનો મધુર અને સ્નેહયુક્ત વ્યવહાર હું જોઇ રહ્યો છું, અને જોઇને પ્રસન્ન થઇ રહ્યો છું. આવનાર પ્રત્યેક માનવ સાથે પંડિતજી એવી રીતે જ વ્યવહાર કરી રહ્યા છે, જાણે તે માનવ દેવદૂત ન હોય! તેમનું સૌજન્ય, તેમની ભલાઇ, તેમની મધુરતા કોઇ નિશ્ચિત વર્ગના માનવો પૂરતા મર્યાદિત નથી. તે તો તેમની સમક્ષ આવનાર પ્રત્યેક માનવ પ્રત્યે સમાન રીતે વહે છે. તેમના આ સૌ પ્રત્યેના સદ્વ્યવ-હારથી ફલિત થાય છે કે તેમની ભલાઇ, સૌજન્ય, સ્નેહપૂર્ણ વ્યવહાર અને મધુરતા કેળવેલી નથી, પરંતુ તેમના વ્યક્તિત્વ-ની સહજ સ્વાભાવિક અભિવ્યક્તિ છે.

અમે સાથે બેઠા છીએ, વાતો ચાલે છે. થોડીવારમાં કુમાઉંથી બે યુવાનો આવ્યા. પોતાના સહજ, સ્વાભાવિક સ્નેહથી પંડિતજીએ બંને યુવાનોનું સ્વાગત કર્યું. બંને યુવાનો મુશ્કેલીમાં છે. બંનેમાંના એક યુવાને પોતાની દાસ્તાન રજૂ કરી. તેમના પિતાજી ઘર છોડીને ચાલ્યા ગયા છે. બહુ તપાસ કરી પણ પતો મળતો નથી. કુંભમેળામાં આવ્યા હશે, તેમ



માનીને આ બંને યુવાનો અહીં તેમની તપાસ કરવા માટે આવ્યા છે. બંનેમાંથી એકેય પાસે પૈસા નથી. અહીં હરિદ્વારમાં કે કુંભમેળામાં અન્ય કોઇ પરિચિત પણ નથી. પંડિતજીને પણ આ પહેલાં ક્યારેય મળ્યા નથી, તેથી તેઓ પરસ્પર પરિચિત નથી. તેઓ બંને કુમાઉંના છે, અને પંડિતજી કુમાઉંના તીર્થપુરોહિત છે, તે સિવાય તેમની વચ્ચે સંબંધનો અન્ય કોઇ સેતુ પણ નથી. કોઇકના માર્ગદર્શન પ્રમાણે તેઓ બંને અહીં પંડિતજી પાસે આશ્રય અને માર્ગદર્શન માટે આવ્યા છે.

પંડિતજીએ બંનેના નિવાસ—ભોજનની વ્યવસ્થા પોતાના યાત્રી નિવાસમાં કરી. કોઇ પણ મૂલ્ય ચૂકવ્યા વિના બંને ગમે તેટલો સમય અહીં રહી શકશે, અને પોતાનું ઘર સમજીને નિઃસંકોચભાવે અહીં રહી શકશે, એવી ધરપત આપી. તેમના પિતાજીની શોધમાં પણ તેઓ યથાશક્ય સહાય કરશે, તેમ પણ કહ્યું ઘેર પાછા ફરતી વખતે ટિકિટના પૈસા ન હોય તો તે પણ પોતે આપશે તેમ કહીને પંડિતજીએ તેમને નચિંત કર્યા. યાત્રીભવનના એક કર્મચારીને તેમના નિવાસ—ભોજનનો પ્રબંધ કરવાની સૂચના આપી.

પંડિતજી પાસે અનેક પ્રકારના અનેક માણસો આવે છે. સૌની સાથેનો તેમનો ઉમદા વ્યવહાર જોઇને હું મનોમન વિચારું છું—આ પંડિતજી તીર્થ—પુરોહિત છે કે તીર્થના દેવ છે?

કુમાઉંના આ બંને યુવાનો યાત્રીભવનના પોતાના રૂમમાં ગયા પછી પંડિતજી મારા તરફ ફરીને બોલ્યા, “કુમાઉંના આ મારા યજમાનલોકો તો દેવો છે દેવો! એટલા ભોળા, સરળ અને સાચાં માણસો છે કે તેમની સેવા તો દેવ સેવા બરાબર

છે. કુમાઉંથી કોઈ ગરીબ યાત્રીઓ આવે તો તેમના ભોજન નિવાસની હું વિનામૂલ્યે વ્યવસ્થા કરું, અને જરૂર પડે તો પાછા ઘેર જવા માટે ટ્રેઈન કે બસની ટિકિટ પણ લઈ આપું. ધનવાન યજમાનો મને ખૂબ આપે છે, તેમાંથી થોડું આ દેવો જેવા ગરીબ યજમાનો માટે વપરાય તો તેથી તો ધનની શુદ્ધિ થાય છે. શાસ્ત્રમાં ધનની શુદ્ધિ માટે, ધનનો સત્કાર્યમાં ઉપયોગ કરવો, તે સૌથી ઉત્તમ ઉપાય ગણ્યો છે.''

ધનિક યજમાનો તીર્થપુરોહિતો (પંડાઓ)ને ધન આપે છે, તે તો મેં ખૂબ જોયું છે, પરંતુ તેમાંથી થોડું ધન પણ ગરીબ યજમાનો માટે વાપરે તેવા તીર્થ પુરોહિત તો આ આપણા પંડિત રામકૃષ્ણજી જ જોયા છે!

બે એક વર્ષ પછી એક બીજી ઘટના બની. જર્મનીથી એક બહેન યોગ શીખવા માટે આવ્યાં છે. બે ત્રણ વર્ષથી અહીં ભારતમાં જ રહે છે. તેમને હિમાલય યાત્રાની ઈચ્છા થઈ. તેમણે હિમાલય યાત્રા માટે મારી પાસે માર્ગદર્શન માગ્યું. મેં તેમને હિમાલય યાત્રાનો કાર્યક્રમ તૈયાર કરી આપ્યો. જરૂરી માર્ગદર્શન પણ આપ્યું. આ સાથે જરૂર પડે તો ઉપયોગી થઈ પડે, તેમ માનીને આપણા આ પંડિત રામકૃષ્ણજીનું સરનામું પણ આપ્યું.

તે જર્મનબહેન હરિદ્વાર ગયાં ત્યારે પંડિતજી પાસે ગયાં. તે વખતે સંજોગોવશાત પંડિતજી ત્યાં હાજર ન હતા. ભાષાની મુશ્કેલી પણ ખરી જ. જર્મનબહેન પોતાના નિવાસસ્થાને પાછા ફર્યા; પણ પાછા ફરતી વખતે પોતાના નિવાસસ્થાનનું સરનામું પંડિતજીના કોઈ કર્મચારીને આપતાં ગયાં. બીજે દિવસે પંડિતજી આવ્યા. વિગત જાણીને શોધતાં શોધતાં તે



જર્મન બહેનના નિવાસસ્થાને પહોંચ્યા. પંડિતજી અંગ્રેજીભાષા જાણતા નથી, તેથી દુભાષિયા તરીકે કામ કરી શકે તેવા એક પરિચિત સજ્જનને પણ સાથે લેતા ગયા. આગ્રહપૂર્વક તે જર્મનબહેનને પોતાના યાત્રીનિવાસમાં લઈ આવ્યા. એક સપ્તાહ સુધી તે બહેન ત્યાં જ રહ્યાં. હિમાલયની તેમની આગળની યાત્રા માટે પંડિતજીએ તેને ખૂબ સહાય કરી. માર્ગદર્શન આપ્યું અને બદ્રીનાથ, કેદારનાથ, દેવપ્રયાગ આદિ સ્થાનોના તીર્થ પુરોહિતો પર પત્રો લખી આપ્યા. આ બધી સહાયના બદલામાં તેમણે આપણા તે જર્મન બહેન પાસેથી કશું જ લીધું નહિ. માત્ર આટલું જ બોલ્યા, ''સ્વામીજીને કહેજો—તેમણે મને વિશ્વાસપાત્ર ગણ્યો તે માટે હું તેમનો ઋણી છું, અને તેમણે મને જે કાર્ય સોંપ્યું તે મેં યથાશક્તિ સારી રીતે પૂરું કર્યું છે.''

હિમાલયની યાત્રા દરમિયાન જોશીમઠથી તે જર્મનબહેને મારા પર એક પત્ર લખ્યો. પત્રમાં તેમણે પંડિત રામકૃષ્ણજીના ખૂબ ગુણગાન ગાયાં. તેમણે પોતાના પત્રમાં લખેલા થોડા વાક્યો અહીં ઉદ્ધૃત કરું છું,

''ભારત આ પંડિતજી જેવા માનવોથી ઊજળું છે. આ પંડિતજી સામાન્ય માનવી નથી. કોઈ દેવને માનવરૂપે ભારતમાં જન્મ લેવાની ઈચ્છા થઈ, અને તે દેવ પંડિત રામકૃષ્ણ તરીકે જન્મ ધારણ કરીને આવ્યા છે.''

### ફીનીક્ષ આશ્રમમાં

# શ્રી સુશીલાબેન ગાંધીની મુલાકાત

**મા સર્વેશ્વરી**

(પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી સાથે દક્ષિણ આફ્રિકાનો ચાર માસનો યાત્રાપ્રવાસ પૂરો કરી તા. ૨૨–૩–૮૩ ના રોજ ભારત પાછા ફર્યા, તે દરમિયાન તેઓએ પૂ. મહાત્મા ગાંધીજીના ફીનીક્ષ આશ્રમની મુલાકાત લીધેલી. તે સમયે ગાંધીજીના પુત્ર શ્રી મણિલાલ ગાંધીનાં પત્ની શ્રીમતી સુશીલાબેન ગાંધીની મુલાકાત કરી, શ્રી ગાંધીજીના જીવનના પ્રસંગોની માહિતી તેમનાં જ પુત્રવધૂના મુખે સાંભળેલી. તે અહીં લગભગ ૨૫ વર્ષ પછી અધ્યાત્મના વાચકો માટે રજુ કરીએ છીએ, તે વાંચકોને ગમશે એમ માનું છું. —તંત્રી)

પૂ. મહાત્મા ગાંધીજીનાં પ્રેરક સંસ્મરણો
સાઉથ આફ્રિકા (દક્ષિણ આફ્રિકા)
ગાંધીજીની એ આરંભની કર્મભૂમિ.
એ ધરતી ઉપર અમે આ વરસે આવ્યાં.
ડરબન શહેરથી ૧૪ માઈલ દૂર ફીનીક્ષ નામનું ગામ.
ગાંધીજીનો ત્યાં આશ્રમ છે.

આશ્રમમાં પુસ્તકાલય, દવાખાનુ ને શાળા આજે પણ જોવા મળે છે. લગભગ સો એકરમાં એ આશ્રમ વિસ્તાર પામ્યો છે. એક જમાનામાં અહીંથી ઈન્ડીયન ઓપીનીયન નામનું પેપર પ્રસિદ્ધ થતું. ગાંધીજીના પુત્ર સ્વ. મણીલાલ ગાંધી એ આશ્રમના સંચાલક હતા.



આશ્રમ જોવા જવાનું સ્વાભાવિક મન થાય. અને ગાંધીજીનાં જ્યાં પુનિત પગલાં પડ્યાં હતાં તે સ્થાનને જોતાં વિશેષ આનંદ થયો.

આશ્રમના પુસ્તકાલયમાં પૂ. શ્રી યોગેશ્વરજીનું ''ગાંધી-ગૌરવ'' પુસ્તક પણ જ્યારે અમે જોયું, ત્યારે થયું ઓહો! યોગેશ્વરજીનો અક્ષરદેહ તો ક્યારનો અહીં આવી ગયો છે!

આશ્રમ તો જોયો પણ એ આશ્રમ સાથે જોડાયેલી કોઈ વ્યક્તિ મળે ખરી! એના જવાબરૂપે અમને સંતોષ થાય એવી વ્યક્તિ મળી.

પ્રભુની કૃપાથી પૂ. શ્રી. યોગેશ્વરજીના જ પ્રવચનમાં તે સન્નારી મળ્યાં. જે ગાંધીજીની વિદેશની સેવા પ્રવૃતિના એક સ્તંભ સમાં હતાં.

સફેદ ખાદીનાં કપડાં, વૃદ્ધશરીર, બાપુની વાતો કરવામાં આનંદ માણતું હૈયું.

એ સન્નારીનું શુભનામ શ્રી સુશીલાબેન ગાંધી. ગાંધીજીના સુપુત્ર શ્રી મણિલાલ ગાંધીજીના ધર્મપત્ની અને વિશેષ પરિચય તો ભારતના પ્રસિદ્ધ ચિંતનકાર શ્રીકિશોરલાલ મશરૂવાળાનાં ભત્રીજી.

પ્રવચનને અંતે પૂ. શ્રી યોગેશ્વરજીને શ્રી સુશીલાબેન મળ્યાં એટલે વાતો કરતાં તેમણે જણાવ્યું:—આજે તમે (યોગેશ્વરજીએ) પ્રવચનમાં ગાંધીજીની નીડરતાની વાત કરી, ત્યારે મને મારા જીવનનો એક પ્રસંગ યાદ આવ્યો.

''અમે બાપુ સાથે સેવાગ્રામ રહેતાં હતાં. એક સાંજે બાપુએ મને બોલાવીને કહ્યું, 'આ પત્ર છે તે હમણાં જ વર્ધા જઈને જવાહરલાલજીને આપી આવ.'

મેં કહ્યું : બાપુ, અંધારુ થઇ જશે. સવારે જાઉં તો ના ચાલે?

બાપુ કહે : 'ફાનસ લઇને જજે. ડર લાગે છે? ડર શાનો? રામ સાથે નથી?'

મેં કહ્યું : 'બાપુ કોઇ સંગાથ હોય તો સારું. જેથી બાપુએ એક નાની છોકરીનો સંગાથ બતાવી કહ્યું. જોજે ફાનસ તપાસીને લઇ જજે.'

આશ્રમમાં ઘણાં ભાઈબહેનો ત્યારે હતાં છતાં મને જ એ કામ સોંપાયું એટલે મેં કચવાતે મને હા પાડી.'

વર્ધાથી સેવાગ્રામ દૂર હતું. રસ્તામાં જ અંધારું થઇ ગયું. તે દિવસોમાં લૂંટફાટ પણ થતી. ડર તો લાગ્યો. અંધારું થતાં જ ફાનસ સળગાવવા પ્રયત્ન કર્યા. અંદર કેરોસીન તો હતું, છતાં ઘણાં પ્રયત્ને પણ ફાનસ સળગ્યું જ નહીં. અંતે જોયું તો ફાનસમાં વાટ જ ન હતી. હવે શું કરીએ? મેં મારા સાડલાની કિનાર ફાડીને વાટ બનાવી દીધી. ફાનસ સળગ્યું. રામ નામ લેતા લેતા રાત્રે વર્ધા પહોંચી ગયાં. જવાહરલાલજીને પત્ર આપી દીધો. અમારો બીજે ઉતારો થયો. સવારે તે પત્રનો જવાબ લઇને અમે ફરી સેવાગ્રામ આવી ગયાં.

બાપુએ મને કહ્યું : 'મારે તો અહીં ઘણા સેવકો હતા. હું તેઓમાંથી ગમે તેને મોકલી શક્યો હોત. પણ મારે તને નિર્ભયતાનો પાઠ આપવો હતો. જેથી મેં તને જ મોકલી.'

શ્રી સુશીલાબેને પ્રસંગ પૂર્ણ કરતાં કહ્યું : 'બાપુની આ જીવન ઘડતરની પદ્ધતિ હતી.'

પ્રવચન સ્થળેથી વિદાય થતાં પહેલાં મને એમ થયું. 'ઓહો! આ સન્નારી પાસે આવા તો કેટલાયે પ્રસંગોનો ભંડાર



હશે. એ ભંડાર આપણને મળે તો?' અને મારો મૌનવાર હોવાથી મેં લખીને પૂછ્યું તો એમણે કહ્યું. મને તો બાપુની વાતો કરવામાં ખૂબ આનંદ આવે, આપણે જરૂર મળીશું.'

અને એક દિવસ સાંજે શ્રી શાંતિભાઇના પ્રયત્નથી ડરબનમાં જ મુલાકાતનો કાર્યક્રમ ગોઠવાયો.

એકાદ કલાકના એ કાર્યક્રમમાં ઘણું પ્રેરક ભાથુ મળ્યું.

પ્રશ્નોની શરૂઆત કરતાં મેં પૂછયું. 'આપ ગાંધીજીને પ્રથમવાર ક્યાં ને ક્યારે મળ્યાં?'

એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં તો ઘણા ઘણા પ્રાણવાન પ્રેરક પ્રસંગોની તેમણે લ્હાણ ધરી.

એ વાર્તાલાપ એમના શ્રીમુખે જ સાંભળીએ.

'મારી અગિયાર વર્ષની નાનકડી ઉંમરે અમને ઘરમાંથી બાપુના આશ્રમમાં રહેવા મોકલ્યાં. પણ અમે તો રડીને પાછા ઘરે આવી ગયાં. ત્યારે જીવનમાં પ્રથમવાર બાપુને જોયા.'

પછી વળી ૧૬,૧૭ વર્ષની વયે બાપુ અમારે ત્યાં અકોલા પધાર્યા, ત્યારે અમે પ્રણામ કરવા એમની પાસે ગયાં ત્યારે બાપુએ મારો કાન પકડીને કંઇક માંગણી કરતા હોય તેમ પોતાનો હાથ લંબાવ્યો. હું સમજી નહીં. મારા કાનમાં હીરાના લવંગિયાં (બુટ્ટી) હતાં તે માગ્યાં. મેં મારા કાકા તરફ જોયું તો તેમણે કહ્યું. 'આપી દે.'

મારા કાકાએ કહ્યું કે એટલે મેં તે લવંગિયાં બાપુને આપવા માંડ્યાં, તો બાપુ કહે. એમ નહીં એક શરત છે તે તું પાળે તો હું લઉં. શરત એ છે તારે હીરાની બીજી બુટ્ટી કરાવવી નહી ને આ બુટ્ટી બાપુ પાસે ભવિષ્યમાં માંગવી નહીં!

શરત સાંભળ્યા પછી મેં બુટ્ટી (લવંગિયા) બાપુને આપી દીધી. બાપુના દર્શનનો આ બીજો પ્રસંગ હતો.

પ્રશ્ન:—આપ કસ્તુરબાને પ્રથમ વાર ક્યારે મળ્યાં?

શ્રી. સુશીલાબેન:—નાગપુર સત્યાગ્રહ સમયે જેલમાં સત્યાગ્રાહીઓને મળવા માટે કસ્તુરબા અમારે ત્યાં આવ્યાં હતાં. બાપુ જેવા મહાપુરૂષનાં ધર્મપત્ની અમારે ત્યાં આવવાનાં છે, એટલે ઘરમાં આગળના ભાગમાં કસ્તુરબા માટે એક વિશેષ આસન મુકવામાં આવ્યું હતું. પણ કસ્તુરબા તો ઘરમાં પ્રવેશતાં જ રસોડામાં ચાલ્યાં ગયાં. ને રસોડામાં મદદ કરવા લાગ્યાં. અમે એમને આગળના ઓરડામાં આસન ઉપર બેસવા ખૂબ આગ્રહ કર્યો. અમને ઘણો સંકોચ પણ થયો. પણ કસ્તુરબા તો સરળ સેવાભાવી હતાં એટલે એઓ રસોડામાં જ રહ્યાં. એમનો એ પ્રથમ પરિચય.

મારો જન્મ મહારાષ્ટ્રમાં. શિક્ષણ પણ મેં મહારાષ્ટ્રમાં લીધું. ગાંધીજીના પરિવાર સાથે ૧૯૨૭થી લગ્નસબંધે જોડાવાનું બન્યું.

લગ્ન કર્યાં પછી તરત જ બા અને બાપુ સાથે મુસાફરી કરીને સાબરમતી આશ્રમમાં આવવાનું બન્યું. માર્ગમાં બાપુએ સોમવાર—મૌનવાર હોવાથી અમને લખીને વારંવાર સૂચના આપી કે અમે નવદંપતિ એકમેક સાથે બેસી વાતો કરીએ. એકમેકને સમજવા પ્રયત્ન કરીએ. પણ એ પ્રથમવારની જ મુસાફરી હતી, જેથી એ બન્યુ નહીં.

બાપુ આવા મહાપુરુષ છતાં નાની નાની બાબતોમાં પણ તેઓ ઘણું ધ્યાન રાખતા.

લગ્ન બાદ પ્રથમવાર જ સાબરમતી આશ્રમમાં અમે



આવ્યાં એટલે કસ્તુરબાને કંસારથી મીઠું મોં કરાવવાની ઈચ્છા હતી પણ બાપુએ કહ્યું : 'તારે તો બધા જ પુત્રો સરખા. તું બધાને કંસાર ખવરાવી શકે તો એમને ખવડાવ. પણ આપણી એવી શક્તિ નથી કે આપણે બધાને તે ખવડાવી શકીએ.' બાપુની એ વિચારધારાને જાણ્યા પછી કસ્તુરબાએ એ વાત હસ્તે મુખે સ્વીકારી લીધી. માતૃહૃદયે કદાચ આઘાત અનુભવ્યો હશે પણ આદર્શ પત્ની તરીકે કસ્તુરબાએ સાથ આપ્યો.

કસ્તુરબાએ બાપુના બધા જ આદર્શો પચાવ્યા. ઘણા ઘણા પ્રસંગોમાં બાપુના આદર્શ સંબંધે કસ્તુરબા સમજપૂર્વક સાથ આપતાં. ઘણીવાર કસ્તુરબા હસતાં હસતાં કહેતાં કે ''બાપુ તો મારા શંકર છે. ત્રીજુ નેત્ર ખોલે એટલે સૌ ચૂપ થઈ જાય.''

સન. ૧૯૩૪ માં હું, બા અને બાપુ સાથે રહેતી હતી, ત્યારે કસ્તુરબા પોતાના કપડા જાતે જ ધોતાં. મેં આગ્રહ કરીને એ સેવા માગી; જેથી હું બાના કપડાં ધોવા લાગી. બાપુએ એ વાત જાણી એટલે મને બોલાવીને ઠપકો આપતાં કહ્યું : તું બાને બગાડી રહી છે. એ જાતે કપડાં ધૂએ છે તો કેમ તું ધોવા લાગી? મેં દલીલ કરતાં કહ્યું : હું મારા પતિનાં ને પુત્રનાં કપડાં ધોઉં છું તો બા તો વડીલ છે. તો એના કપડાં ધોઉં એમાં ખોટું શું? અંતે મારી દલીલ સામે બાપુએ મનેકમને પણ મને કપડાં ધોવાની રજા આપી.

કસ્તુરબા બાપુની નાની નાની જરૂરિયાત ઉપર ખૂબ ધ્યાન રાખતાં. બાપુનાં કાગળો સાચવવાનું, બાપુને સમયસર દૂધ કે ફળનો રસ આપવાનું કામ બા કરતાં.મુસાફરીમાં બાપુની નાની છરી લેવાનું પણ તેઓ ભૂલતાં નહીં. એટલે બાની

વિદાય પછી ઘણીવાર કંઇ નાની ભૂલો થતી ત્યારે બાપુ હંમેશા કહેતા. બા હોત તો આવું ના થાત. એટલે કે બાની ખોટ બાપુ પોતાના અંગત જીવનમાં પણ અનુભવતા.

એકવાર અમે જગન્નાથપુરી પાસે ગાંધીસેવા સંઘની મીટીંગમાં ગયાં હતાં, જેમાં બા, બાપુ હું, કનુભાઇ, ગાંધી, દુર્ગાબેન, વેલાબેન વિ. હતાં. બે દિવસ પછી કસ્તુરબાને જગન્નાથજી જવાની ઈચ્છા થઇ. મહાદેવભાઇ પાસે રજા લઇ અમે ગયાં. ત્યાંથી જગન્નાથજીના મંદિરમાં જવાની બાને ઈચ્છા થઇ જેથી બા, દુર્ગાબેન ને વેલાબેન મંદિરમાં ગયાં. જે મંદિરમાં હરિજનોને પ્રવેશ ન હોય ત્યાં શા માટે જવું એ વિચારથી હું અને કનુભાઇ મંદિરમાં ન ગયાં. બહાર જ ઊભાં રહ્યાં.

ફરીથી સાંજે અમે જગન્નાથપુરીથી આવી ગયાં, ત્યારે બાપુ સાંજે ફરવા જવાની તૈયારીમાં હતા. બાના ખભે હાથ મૂકી બાપુ આગળ ચાલ્યા. માર્ગમાં બાપુએ વાતો કરતાં પૂછ્યુંઃ જઈ આવ્યાં? ક્યાં ક્યાં ગયાં હતાં? બાએ બધીજ વાત કરી એટલે બાપુ તો નારાજ થઇ ગયા કહેવા લાગ્યાઃ ‘મારું જ કહ્યું ઘરનાં જ કોઈ કરતાં નથી? મને બોલાવીને કહેં તે કેમ બાને મંદિરમાં જવા દીધાં મહાદેવભાઇને બોલાવીને કહ્યું. ‘તમે કેમ રજા આપી? રજા આપી તો ક્યાં ક્યાં જવાનું છે એ કેમ ન પૂછ્યું?’

સૌ ગભરાઈ ગયા. વારા ફરતી અમે સૌએ માફી માંગી ત્યારેજ બાપુ શાંત થયા.

બાપુના આદર્શ સામે કોઇથી પણ નાનકડી ભૂલ થાય તો તેણે બાપુની નારાજગી વહોરી લેવી પડતી.



હું ૧૯૩૭-૩૮ માં સેવાગ્રામમાં હતી. એકવાર સવારની સાડાત્રણ વાગ્યાની પ્રાર્થનામાં હું ન ગઈ. થાકને લીધે ઉંઘી ગયેલી. સાંજે ફરવા જતી વખતે બાપુએ મને બોલાવીને પૂછ્યું : ‘કેમ આજે તું પ્રાર્થનામાં ન દેખાઇ?’ મેં હસતાં હસતાં કહ્યુંઃ ‘બાપુ, હવે શું પ્રાર્થનામાં વૈષ્ણવજનનું ગીત ગવાયું એમાં તો કહેવાયું છે કે તમારા જેવા મહાપુરૂષ જે કુટુંબમાં હોય તેના સંસર્ગથી એની ઇંકોતેર પેઢી તરી જાય તો તમારી સાથે રહીએ છીએ ને તમારા પરિવારનાં જ એટલે તમારાં દર્શન કરીને અમે તો તરી જઇશું.’

એ સાંભળીને બાપુ ખૂબ હસ્યા. પછી ગંભીર થઇને મને કેહવા લાગ્યા : ‘તું દર્શનનો અર્થ જાણે છે? મેં કહ્યું. ‘ના’ ત્યારે બાપુ બોલ્યાઃ દર્શનનો અર્થ ફક્ત આંખોથી જોવું એટલો જ નથી. પણ મહાનપુરુષોને આપણા હૃદયમાં ઉતારવાના. એમના ગુણો ભાવો આપણા જીવનમાં ઉતારવાના એવું દર્શન હૃદયમાં થાય ત્યારે દર્શન થયેલું ગણાય.

એમ કહી એક નાનકડું પ્રવચન જેવું બાપુએ મને સંભળાવ્યું. હું તો એ સાભળી જ રહી. બાપુનો એ બોધપાઠ સાંભળી લીધો.

બાપુ પોતે તો જાગ્રત રહેતાજ, પણ બીજા પણ જાગ્રત રહે તેવું બાપુ હંમેશાં ઈચ્છતા.

હું સાઉથ આફ્રિકાથી ભારત ગઇ ત્યારે સેવાગ્રામ ગયેલી. ત્યારે બાપુની કુટિયા સામે જ બાની કુટિયા હતી. બાપુ દરરોજ તે દિવસોમાં બા પાસે માલિશ કરાવવા સવારે બાની કુટિયામાં આવે એ નિમિત્તે બા સાથે બાપુ થોડી ઘણી વાતો કરે. હું બાની કુટિયામાં જ હતી. તે સવારે મેં મારી પેટી ગોઠવીને હું સ્નાન કરવા ગઇ.

હું સ્નાન કરીને બાની કુટિયામાં આવી ત્યારે બાપુ આવી ગયા હતા.

અમે ગાંધી પરિવારના સૌ દરરોજ બાપુને સવારે સ્નાન કર્યા પછી પ્રણામ કરતાં જેથી મેં પણ તે દિવસે પ્રણામ કરતી વખતે બાપુએ મારા કાન પકડ્યા. હું સમજી ગઈ. મારી કંઈ ભૂલ થઈ હશે. એટલે મેં તરત જ બાપુને પૂછ્યું. બાપુ આ શાની શિક્ષા છે? બાપુએ ઉત્તરમાં પોતાનો હાથ લંબાવ્યો તો બાપુના હાથમાં એક પેની હતી. મારી પેટીમાંથી તે નીચે પડી ગઈ હશે. બાપુએ તે જોઈને લઈ લીધી હતી. મેં તે પેની લેવા હાથ લંબાવ્યો. બાપુએ કહ્યું: 'એ તને નહીં મળે. હું તો ઉભીજ રહી. બાપુએ તો નાનો વાર્તાલાપ આપવા માંડ્યો. તમે ફીનીક્ષમાં રહો છો એ તો ધર્માદા ટ્રસ્ટ છે. તમે આમ એક પેની પણ વેડવો તે કેવું મોટું પાપ છે? તને પેનીની કિંમત ન હોય પણ અમારા ગરીબ દેશમાં તો આ એક પેનીની ઘણી કિંમત છે. તું તો ફીનીક્ષની મહારાણી છે એટલે તને શું ખબર પડે? હવે આ પેની હરિજન ફંડમાં જશે તને નહિ મળે.'

હું તો ચૂપ થઈ ગઈ. આપણી પાસે એક નાની પેની હોય તે પણ ગમે તેમ વેડફાય નહીં. બાપુના એ સંદેશનો મને ખ્યાલ આવ્યો.

પૂનાની પ્રાર્થના સભાની એક તરફની તારની વાડમાંથી એક ભાઈએ એક મોટો કરંડીયો આપતાં કહ્યું : ''આ બાપુ માટે ફળો છે. એમને પહોંચાડો.'' અમે તે કરંડીયો લઈ લીધો. બાપુને બતાવ્યો. બાપુ એ કહ્યું : ''અંદર મકાનમાં લઈ જાઓ ને ખોલીને યોગ્ય ઉપયોગ કરો.''



અમે કરંડીયો અંદર મકાનમાં લઈ જઈને ખોલ્યો તો અમને ખૂબ ખૂબ હસવું આવ્યું. શા માટે? એમાં ફળ, પથ્થરો નહીં પણ ફાટેલા તૂટેલા જોડા ચંપલો હતાં!

અમે બાપુને વાત કરી તો બાપુએ કહ્યું. ચાલો એનો આપણે ઉપયોગ કરીએ. અહીં બહાર રસ્તા ઉપર બધા મોચીઓ બેસે છે. તેમને પૂછી આવો કે આવાને આટલા ચંપલ જોડા છે. તમે એનું શું આપશો? અને એ રીતે પૂછતાં મોચીએ તે કરંડીયાના જોડા ચંપલ પાંચ રૂપીયામાં ખરીદ્યા. બાપુએ તે પાંચ રૂપીયા હરિજનફંડમાં જમા કરાવ્યા.

બીજે દિવસે બાપુએ પ્રાર્થના સભામાં વાતો કરતાં કહ્યું કે અમને મારવા માટે જોડા ચંપલો કોઈએ મોકલ્યા પણ તેમાંથી પણ અમે તો પાંચ રૂપીયા કમાયા ને તે હરિજન ફંડમાં મૂક્યા. ત્યાં તો સભામાંથી એક માણસ ઊભો થઈને વિરોધ કર્યો કે એ પાંચ રૂપીયા મને આપી દો તે હરિજન ફંડમાં ન નંખાય. હું, ભૂલતી ન હોઉં તો એ માણસ નથ્થુરામ ગોડસે જ હતો.

બાપુની વિદાય પહેલાં એણે ઘણીવાર વિરોધ કરેલો. સેવાગ્રામમાં બાપુની કુટિયા સામે જ અમે રેતીમાં રાતે ખુલ્લામાં શેત્રુંજી નાંખીને સુઈ જતાં મને પહેલી રાતે ત્યાં ઉંઘજ ન આવી. રાતભર પાસાં ફેરવ્યા કર્યા. ત્યારે હું સાઉથઆફ્રિકાથી ત્યાં ગઈ હતી. સવારે બાપુએ મને બોલાવીને પૂછ્યું : ''રાતે ઉંઘ ન આવી? ફીનીક્ષમાં કેવી રીતે સુએ છે? મેં કહ્યું.'' 'પલંગ ઉપર' બાપુ કહે : 'તે પલંગ કેવા છે?' મેં કહ્યું : 'સાધારણ ગાદલાવાળા' વાતચીત ત્યાં જ પૂરી થઈ.

તે સાંજે બાપુએ એમના દીકરાને(મણીલાલ ગાંધીને) બોલાવ્યાને બાપુએ કહ્યું : ''તું સુશીલાને બગાડી રહ્યો છે.'' તેમને એ સાંભળીને નવાઈ લાગી. બાપુએ પલંગની વાત કરી. શ્રી મણીલાલ ગાંધીએ કહ્યું. ''બાપુ અમે હવે ફીનીક્ષ જઈશું ને ત્યારે સાદાયથી જ રહીશું.''

અને સાચેજ અમે ભારતથી પાછા ફર્યાને ફીનીક્ષમાં આવ્યા ત્યારે કાથીવાળા પલંગ ઉપર સુવાનું શરૂ કર્યું. એ રીતે ઘણાં વર્ષો સુધી અમે સુતાં. પાછળથી એ પલંગ ઉપર તદ્દન પાતળી ફોમની ગાદી નાંખીને સુતાં. હજી આજે પણ હું એ જ રીતે સુવાનું પસંદ કરું છું.

જાન્યુ. ૧૯૪૮માં બાપુએ વિદાય લીધી હતી. તેના એકાદ માસ પહેલાંજ હું બાપુને મળી હતી. ત્યારે મારી દીકરી બનારસ હિન્દુ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતી હતી. તેને ભારત એકલા મૂકીને મારે સાઉથઆફ્રિકા જવાનું હતું. મને સ્વાભાવિક ચિંતા થઈ કોને વાત કરું? બાપુને મારાથી એ વાત સહજ રીતે થઈ ગઈ. બાપુએ મારી ચિંતા જોઈને કહ્યું. ''તું ચિંતા ન કર, ચાલ. આજથી એ છોકરીનો હું માબાપ બનું છું. તું શાંતિથી જા.''

બીજે જ દિવસે હું મુંબઈ આવી. ત્યાંથી જ સ્ટીમરમાં બેસીને સાઉથઆફ્રિકા આવવાનું હતું. મુંબઈ હતી ત્યાં જ બાપુનો પત્ર આવ્યો. બાપુએ એમાં લખ્યું હતું કે ગઈ કાલે મેં તને તારી છોકરીનો માબાપ બનીશ એમ કહ્યું. પણ આ દેહનો શો ભરોશો? હું એનો માબાપ બની શકું એમ નથી. મારું વચન હું પાછું ખેંચી લઉં છું. તું કોઈ બીજી વ્યવસ્થા કરી શકે છે.



મને પત્ર વાંચીને નવાઈ લાગી. મારે તો સ્ટીમરમાં બેસવાનું હતું. જેથી એવી વ્યવસ્થા કરવાનો મારી પાસે સમય પણ ન હતો. એટલે હું વ્યવસ્થા કર્યા વિના જ ફીનીક્ષ આવી.

અને એકાદમાસમાં જ બાપુએ આ દુનિયામાંથી કાયમ માટે વિદાય લીધી.

વાર્તાલાપની પૂર્ણાહૂતિ કરતાં શ્રી. સુશીલાબેન ગાંધીએ કહ્યું.

અમે તો નાનપણથી જ બાપુને એક સંતપુરૂષ તરીકે જ જોઈએ છીએ. એવી જ શ્રદ્ધાભક્તિ બાપુ પ્રત્યે અમારી તો છે. જો કે બાપુ પાસે અમને જવાનો સમય બહુ મળતો નહીં. નહીતર અમે હજુ એમને વધુ સમજી શક્યા હોત. બાપુ ક્યાં? અને અમે ક્યાં? એ સંતપુરુષને તો આખું વિશ્વ જ પરિવાર હતું.

શ્રી સુશીલાબેન ગાંધી સાથેનો વાર્તાલાપ પૂરો થયો. એ વૃદ્ધ સેવાભાવી સન્નારીએ અંતે મારી પાસે એક ભજન ગવડાવ્યું અંતે અમે વિદાય લીધી.

વિશ્વવિભૂતિ ગાંધીજીને જોવાનું સદ્ભાગ્ય તો ન મળ્યું. પરંતુ એમના જ પરિવારના આ સ્ત્રીરત્નને મળીને મને વ્યક્તિગત રીતે ઘણો આનંદ થયો. અને વિશેષ આનંદ તો વિદેશની આ ધરતી ઉપર કે જયાં ગાંધીજી પણ રહ્યા હતા; ત્યાં જ આ મુલાકાત થઈ.

ગાંધીજીના જીવનપ્રસંગોમાંથી સેવા, સમભાવ, જાગૃતિ, સાદાઈ, નિયમિતતા, નિયમપાલનનો સંદેશ જેનો શ્રી સુશીલાબેનને મળ્યો તે રીતે આપણા સૌને પણ મળો એ પ્રાર્થના.

# જેને બહાર શોધો છો તે તમારી અંદર જ છે.

સ્વામી વિવેકાનંદ

'Why does man look for a God? Why does man, in every nation, in every state of society, want a perfect ideal somewhere, either in man, in God, or elsewhere? Because that idea is within you. It was your own heart beating and you did not know; you were mistaking it for something external. It is the God within your own self that is impelling you to seek Him, to realize Him. After long searches here and there, in temples and in churches, on earth and in heaven, at last you come back to your own soul, completing the circle from where you started, and find that He whom you have been seeking all over the world, for whom you have been weeping and praying in churches and temples, on whom you were looking as the mystery of all mysteries, shrouded in the clouds, is the nearest of the near, is your own self, the reality of your life, body, and soul... By means of spiritual discipline the individual soul ultimately recognizes its oneness with the Universal Soul.'

– **Swani Vivekananda** (1896)
Jnana Yoga



ભગવાનની શોધ માટેની ભૂખ માણસ શા માટે અનુભવે છે? દરેક રાષ્ટ્ર કે સમાજના વિવિધ સ્તરોમાં માણસ કે ભગવાનના રૂપમાં, અથવા તો બીજે ક્યાંય એક પૂર્ણ આદર્શને શોધવાનો પુરુષાર્થ માણસ શા સારુ કરે છે? કારણ એ છે કે એ શોધનો વિચાર ખુદ એની અંદર પડેલો છે. એના પોતાના હૃદયનો જ એ ધબકાર છે. પણ તેની તેને જાણ નથી. તેથી તમે તે કોઈ બહારની વસ્તુ છે એમ ભૂલથી માનીને બહાર શોધો છો. સાચુ એ છે કે એ ભગવાન તમારામાં રહીને, તેનો અપરોક્ષ અનુભવ કરવા માટે તમને ફરજ પાડી રહ્યો છે.

આ માટે તમે મંદિરો અને ગિરજાઘરોમાં, પૃથ્વી અને અંતરીક્ષમાં એમ અહીંતહીં ખૂબ શોધ્યા કર્યા પછી તમે જ્યાંથી પ્રારંભ કરેલો તે તમારી જાત તરફ પાછા વળો છો. હવે તમને સમજાયું છે કે જેને શોધવા માટે તમે આખી દુનિયાં ખૂંદી વળ્યા, જેનો પ્રત્યક્ષ અનુભવ કરવા મંદિરો અને પવિત્ર સ્થાનોમાં જઈ પ્રાર્થનાના ખૂબ પોકારો પાડ્યા અને આંસુ સાર્યાં, વળી તમે માનતા કે તે તો બધા રહસ્યોના રહસ્ય જેવું ક્યાંક વાદળોમાં ઢંકાયેલું છે, તે તો તમારી એકદમ નજીક, તમારી અંદર જ, તમારા પોતાના આત્મરૂપે રહેવું છે અને કોઈ પણ વ્યક્તિ પોતાની આધ્યાત્મિક સાધનાના બળે આ વૈશ્વિક ચેતનાની અનુભૂતિ કરી, તેની સાથે એકાત્મતા સાધી શકે છે. **–તંત્રી**

'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'

# 'સભાન શાશ્વતી'

સંપાદન : પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા
અનુવાદ : પ્રા. તરલા દેસાઈ

## પ્રકરણ : ૧૫ ધ્યાન અને ખોજ

આ એક જ સીધી પદ્ધતિ છે, અન્ય જેઓ આત્મખોજને માર્ગ લઈ શક્તા નથી તેમને માટે છે. આ માર્ગ સૌથી ઊંચો છે અને આગળ વધેલા સાધકો માટે જ અનુકૂળ છે. જેઓ બીજા માર્ગો અનુસરે છે તેઓ પોત-પોતાના માર્ગે આગળ ન વધે ત્યાં સુધી આને માટે પક્વ બનતા નથી. ક્યાં તો ગુરુ ક્યાં તો આત્મા વગેરેની કૃપા દ્વારા જ તેઓ આ ઉચ્ચતમ માર્ગે લવાય છે. અલબત, પૂર્વ જન્મોમાં તેઓએ બીજા માર્ગોનો અભ્યાસ કર્યો હોય અને આને માટે આવા પરિપક્વ બનીને જન્મ્યા હોય. બીજા અલગ-અલગ પદ્ધતિઓ અજમાવે છે અને પ્રગતિ કર્યા પછી છેવટે આત્મખોજ તરફ વળે છે. પરંતુ બધા માર્ગોની અંતિમ પરિણતિ એક જ છે : અહંકારનું સમર્પણ.

આ માર્ગ પ્રત્યક્ષ માર્ગ છે, બીજા સર્વ પરોક્ષ છે. આત્મવિચાર આત્મા તરફ લઈ જાય છે, બીજા અન્યત્ર લઈ જાય છે. અને આત્મા સુધી આવે પણ છે તો તેનું કારણ તેઓ ક્રમશઃ વિચાર પ્રથમ માર્ગ સુધી આવ્યા હોય છે જે છેવટે તેમને લક્ષ્ય સુધી લઈ જાય છે.તેથી જો અંતે સાધકે આ માર્ગ સ્વીકારવાનો જ હોય તો અત્યારે જ તેમ શા માટે ન કરવું? સમય વેડફવો શા માટે?



પ્રશ્ન : ધ્યાન અને આત્મખોજ વચ્ચે શો તફાવત છે?

મહર્ષિ : અહંકાર નિર્મૂળ થાય તો જ ધ્યાન સાધી શકાય છે, અહંકાર હોય છે અને જેના પર ધ્યાન કરાય છે એ પદાર્થ હોય છે. આ પરોક્ષ પદ્ધતિ છે. તેમ છતાં જો આપણે અહમ્‌નું મૂળ શોધીએ તો અહમ્ અદશ્ય થઈ જાય છે અને જે રહે છે તે આત્મા હોય છે. આ પદ્ધતિ પ્રત્યક્ષ પ્રકારની છે.

પ્રશ્ન : (બીજા પ્રસંગે) ધ્યાન અને વિચારમાં શો ભેદ છે?

મહર્ષિ : ધ્યાન બહિર્ગત અથવા બીજી રીતે પદાર્થ પર હોઈ શકે. આમ કર્તા અને કર્મ અલગ છે. આત્મ વિચારમાં કર્તા અને કર્મ એક જ આત્મા હોય છે.

પ્રશ્ન : આત્મવિચાર કેમ જરૂરી છે?

મહર્ષિ : જો તમે આત્મવિચાર નહિ કરો તો લોકવિચાર તમને વીંટળાઈ વળશે. જે દશ્યમાન નથી, તે શોધાશે, પણ જે દેખીતું છે તે નહિ. તમે શેને શોધો છો એ જ્યારે અટકી જશે અને તેમાં તમે વિશ્રાન્ત થઈ જશો.

પ્રશ્ન : ક્યો માર્ગ છે?

મહર્ષિ : પદ્ધતિ ગમે તે હોય. ગમે તે દિશાએથી યાત્રીઓ એકત્ર થાય, તેઓને કાબામાં એક જ ઓસરી દ્વારા પ્રવેશવું પડશે.

પ્રશ્ન : લોકો અલગ—અલગ પદ્ધતિઓની વાત કરે છે. કઈ પદ્ધતિ સહેલામાં સહેલી છે?

મહર્ષિ : દરેક વ્યક્તિની પ્રકૃતિ પ્રમાણે પદ્ધતિઓ સહેલી જણાય છે. અગાઉ જેણે જે અભ્યાસ કર્યો છે એના પર તે નિર્ભર છે.

પ્રશ્ન : જ્ઞાનમાર્ગ શું છે?

મહર્ષિ : યોગ અને આ સરખા છે કારણ કે બંન્ને મનને એકાગ્ર કરવા મદદ કરે છે. યોગ વ્યક્તિનું શાશ્વત ચેતના સાથેનું ઐક્ય તાકે છે. યોગ સ્વયં બધાના લક્ષ્ય એવા આત્મ સાક્ષાત્કાર માટે સહાયક છે. ચૈતન્ય નવું હોઇ શકે નહિ. તે હમણાં પણ છે જ. તેથી અલગતા(વિભક્તિ) આવી કઇ રીતે તે શોધવા પ્રયત્ન કરે છે.

જીવન-વિચાર મગજ અર્થાત્ અહંકારની આજુબાજુ કેન્દ્રિત હોય છે. તે હૃદયના રુધિરથી પોષાય છે તેથી છેવટે વિચારો હૃદયમાંથી ઉદ્‌ભવે છે. આત્માખોજમાં સુષુપ્તિ, બેભાનાવસ્થા, મૂર્ચ્છા ઇત્યાદિનું તટસ્થ ધરાતલ હોય છે. જેમાં માનસિક પ્રવૃત્તિઓ ઉદ્‌ભવતી નથી. તેમજ આત્માની સભાનતા પણ નથી હોતી. મન પહેલાં તો બેચનીમાંથી મુક્ત થવું જોઇએ અને અંતર્મુખ બનવા ટેવાય એ માટે તેને તાલીમ આપવી ઘટે.

તો પહેલું પગલું બાહ્ય જગત પરત્વેની નિરપેક્ષતા અને બીજું આંતરનિક્ષણની આદત છે. ભૌતિક પદાર્થોની નશ્વરતા ઉદાસીનતા તરફ લઈ જાય છે અને આમ દ્રવ્ય, કીર્તિ અને સુખ વગેરે પરત્વે ઉપેક્ષા—અવજ્ઞા થાય છે. પછી ખોજ દ્વારા 'હું' વિચાર તેમજ હૃદય તરફનો એનો મૂળ સ્રોત તપાસાવો જોઇએ. (ક્રમશઃ)



# પૂ. માની હરિદ્વારયાત્રા—૨

**નારાયણ હ. જાની**

**(જૂન ૨૦૦૮ ના અનુસંધાનમાં—શ્રી વિનુભાઇ અમીનની દૈનિક નોંધના આધારે, તા. ૨૮—૩—૦૮)**

હરિદ્વાર યાત્રાનો છઠ્ઠો દિવસ છે. આજે પૂ. માએ દશવિધિ સ્નાન કર્યું છે. આ સ્નાનનું મહત્ત્વ શ્રી કેયૂર શાસ્ત્રી સાધકોને પૂ. માની ઉપસ્થિતિમાં સમજાવે છે. પૂ. મા લખે છે કે જીવનના વ્યવહારમાં દરેક વ્યક્તિથી જાણે—અજાણે કંઇને કંઇ દોષ થતાં રહે છે. આ દોષના નિવારણ માટે શાસ્ત્રમાં જે વિધિઓ છે તેમાં દસેક પ્રકારના દોષના નિવારણ માટે આ સ્નાનવિધિ છે. એક દોષ છે. વડીલો પ્રત્યેનો દુર્વ્યવહાર—ખાસ કરી માતા, પિતા, મોટાભાઇ, ગુરુ, બ્રાહ્મણ વગેરેનું અપમાન કે આજ્ઞાઓનું ઉલ્લંઘન માણસો કરતા રહે છે—તે બ્રહ્મહત્યાના પાપ બરાબર છે. પૂ. મા લખે છે આજના યુગમાં આ દોષનો ચેપ વિશેષ જોવા મળે છે.

આજના યુવકો પૂ. માતા—પિતાનું અપમાન સહજમાં કરતા જોવામાં આવે છે. આ સારું નથી. શાસ્ત્ર આ અંગે આપણને ચેતવે છે. કોઇની જમીન પડાવી લેવી કે નિંદા કરવી તે ઉપરાંત જમવા બેઠેલાઓમાં પંક્તિભેદને પણ મોટો દોષ ગણેલ છે.

પંક્તિભેદ વિષે પૂ. મા લખે છે સ્વર્ગારોહણમાં કેટલાક બહારગામેથી આવેલ મજૂરો જમતા, તેથી બીજા મજૂરોને આપવામાં આવતો પ્રસાદ તેમને આપાવમાં ના આવતો. પૂ. માને આની જાણ થોડા વખત પછી થઇ તો—સાધકો ને

ટ્રસ્ટીઓનો રોજના રૂા. ૧૦૦ લેખે દંડ કરી, તે રકમ સંબંધકર્તા મજૂરોને વહેંચી તેઓની માફી માગી. ફરી આવી ભૂલ નહિ થાય તેની ખાત્રી આપી.

મોંમાંથી ખાવાનું પડી જાય તો તે ન ખાવું જોઈએ. પૂ. મા લખે છે કે ઘણાંઓને ટેવ હોય છે કે ખાતાં ચણા કે સીંગનો દાણો પડી જાય તો ઉપાડી ખાય લે છે. આ બરાબર નથી. નીચે પડ્યું તે ધરતી માને અર્પણ થયું સમજવું. ભલે કીડી મકોડા કે માંખીઓ એનો ઉપભોગ કરતી.

બીજા પણ કેટલાક દોષોના નિવારણાર્થે શ્રી કેયૂર શાસ્ત્રીએ વિગતે માહિતી પૂરી પાડી.

વીસેક વર્ષ ઉપર પ. પૂ. મા સાથે અમે (તંત્રીએ) પણ હરિદ્વારમાં દસવિધિ સ્નાન કરી એ અનુભવેલું કે આ સ્નાન પછી શરીરની ચામડી કેવી લીસી ને ચળકતી થઈ જાય છે. અનુભવ કરી લેવો.

**દશરથયાત્રા વિષે વધુ**

પૂ. માને મન દશરથયાત્રાનું ખાસ મહત્ત્વ છે. આ એ પુણ્યસ્થળ છે, જ્યાં પૂ. શ્રી પ્રથમવાર શ્રી ચંપકભાઈ વોરા સાથે માગસર માસની કકડતી ઠંડીમાં—માત્ર કેવળ લંગોટ પહેરી સાધનામાં ડૂબેલા રહેલા. અહીં જ તેઓશ્રીને પ્રથમવાર નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થયો એટલું જ નહિ કેટલાંક સગુણ સાકાર ભગવાનના સ્વરૂપોનું દર્શન પણ થયું.

તટસ્થ રીતે વિચારીએ તો સગુણ સાકાર સ્વરૂપોનાં દર્શન અને નિર્વિકલ્પ સમાધિ એ મનની ભિન્નભિન્ન ભૂમિકાઓ દ્વારા પ્રાપ્ત થાય. પરંતુ અહીં તો પૂ. શ્રીના જીવનમાં એક વિશેષતા જણાય છે કે સાધનામાં આ મહાપુરુષે સમન્વયકારી અભિગમ



અપનાવેલ હોઈ, જ્ઞાન—યોગ અને ભક્તિના પ્રવાહો એવા ગૂંથાઈ ગયા છે કે—સામાન્ય રીતે જ્ઞાન ને યોગનો સાધક ભક્તિથી ભાગતો ફરે. પણ પૂ. શ્રીના જીવનમાં આ ત્રિવેણીનો સુભગ સમન્વય થઈ ગયો છે. એથી ત્રણેનાં રહસ્યો એમની સાધનામાં જોવા મળે.

આમ દશરથ પર્વત પરની પવિત્ર ભૂમિનાં દર્શન અને સ્પર્શનથી મોટી ઉમ્મરનાસાધકો પણ વંચિત રહી ના જાય, તે માટે પૂ. મા તેઓને પણ જવાની અનુમતિ આપી ડ્રાયફૂટના પ્રસાદ સાથે રૂા. ૧૦/—ની લક્ષ્મીનો પ્રસાદ પણ આપે છે.

બધા યાત્રીઓ ક્ષેમકુશળ છે ને દશરથ પર્વત ચઢીને નીચે આવી ગયા છે. રસ્તામાં ઝરમર ઝરમર વરસાદે તેમનું સ્વાગત કર્યું, તે બધું પૂ. મા હરિદ્વારમાં સાધકોને જણાવે છે.

પૂ. મા એ પણ યાદ કરે છે કે ૧૯૮૪ પછી ત્રણેક વર્ષ બાદ શ્રી બાપજી અને શ્રી પંડિતજીને કોટીગામ તરફથી દશરથ ચઢવા જણાવેલ અને તેઓ છોડ પકડીને ચઢેલા. ત્યારે ક્યાં ખબર હતી કે આટલા બધા સાધકો દશરથ ચઢી શકશે? પૂ. ગુરુદેવની ઈચ્છાને પૂ. માની સંકલ્પ શક્તિથી આ સિદ્ધ થયું, તેમ સહુને લાગ્યું.

પૂ. મા વિશેષમાં લખે છે કે આ યાત્રા જરાય સહેલી હતી એવું રખે માનતા. એટલે જે પ્રભુએ તમારા નામ લખાવ્યા તેણે બધી જવાબદારી સંભાળી તમને ક્ષેમકુશળ પાછા આણ્યા. તેથી એવો કોઈ અહંભાવ ના રાખતા, કે અમારી શક્તિથી આ થયું. વળી પ્રભુએ એ અહેસાસ પણ કરાવ્યો કે પ્રભુનો સાથ લઈને કોઈ કામ કરો તો ગમે તેવું અઘરું કામ પણ પાર પાડી શકો. એવો આત્મવિશ્વાસ વધ્યો. આ યાત્રા મંત્ર અને નામજપ કરાવનારી બની રહી.

આ યાત્રામાં એ પણ તમે અનુભવ્યું કે લોહીનાં સગાં નહિ, પરંતુ સગા નહિ તેવા સાધકો જ યાત્રામાં મુશ્કેલીના સમયે સહાયરૂપ થઇ શક્યા. આમ પૂ. માએ ઘણી બધી શીખ—યાત્રાદ્વારા સાધકોને આપી. વળી એ પણ જોવામાં આવ્યું કે પૂ. માદ્વારા સતત સંપર્કમાં રહી યાત્રીઓને ઉત્સાહ અને માર્ગદર્શન પૂરું પાડતાં રહેતાં. બધાં કુશળ પાછા ફરતાં પૂ. માને ખૂબ રાહત થઈ પૂ. માએ પ્રભુનો ભાર માનવા સમૂહમાં પ્રણામ કર્યાં.

જે સાધકોએ પ્રકાશના પંથે ન વાંચ્યું હોય તેને તે વાંચી જવાની ભલામણ પૂ. માએ કરી જેથી, તેઓ એ ભૂમિનું માહાત્મ્ય સમજી શકે.

આનંદમયી માના ટ્રસ્ટીની મુલાકાત

આ વર્ષે પૂ. મા હરિદ્વાર હતાં ત્યારે આર્યનિવાસના સ્થાપક શ્રી નાનજી કાલીદાસ (પોરબંદર)ના પરિવારનાં એક દીકરી આનંદમયી માના ટ્રસ્ટની મીટીંગ માટે છેક આફ્રિકાથી આવ્યાં. પૂ. મા સર્વેશ્વરી સાથેની તેમની આ પહેલી જ મુલાકાત, તેમની પાસેથી મા આનંદમયી વિષેની વાતો સાંભળવા સાધકોની ખાસ બેઠક રાતે ૧૦—૩૦ પછી બોલાવી, જે રાતે ૧—૩૦ સુધી ચાલી.

પૂ. માએ લખ્યું, તમે (તે બેન) ભાગ્યશાળી છો કે પૂ. આનંદમયી માની અંગત સેવાનો લહાવો તમને છેક નાનપણથી જ મળ્યો. એટલે અમને તમારા દ્વારા એ માતાના જીવનના પ્રેરણાદાયક પ્રસંગો જણાવો. તેઓએ એક થોડા અસ્થિર મનના સાધકની વાત કહી. તે સાધક આશ્રમના નિયમો પ્રમાણેનો વ્યવહાર વારંવાર સૂચનાઓ આપ્યા છતાં



કરતો ન હોવાથી, તેને વિદાય આપવાનું સંચાલકોએ ઠરાવ્યું. પૂ. માને પણ આની જાણ કરવામાં આવી. બીજે દિવસે સવારે તેને વિદાય આપવાની હતી, ત્યારે પૂ. મા આનંદમયીએ પણ પોતાની થેલી તૈયાર રાખેલી. સાધકો આ જોઈ વિમાસણમાં પડી ગયા.

પૂ. માએ શાન્તિથી કહ્યું, 'તમારી વાત સાચી છે કે તે તેની માનસિક વિવશતાથી આશ્રમના નિયમોનું પાલન નથી કરી શકતો. એટલે તમે તેને કાઢી મૂકવાનું વિચારી શકો, પરંતુ હું 'મા' છું, હું તેને કેમ તરછોડી શકું? આવું કરુણાર્દ્ર તેમનું હૃદય હતું. કહેવાની જરૂર ખરી કે પૂ. માની આ વાત સાંભળી તે સાધકને કાઢી મૂકવાનો વિચાર પડતો મૂકાયો.'

આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ પ્રકારનાં દુઃખોનો ફરીથી ન ઉપજે એવોનાશ ને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ, અર્થાત્ બંધની નિવૃત્તિપૂર્વક સ્વસ્વરૂપનો સ્પષ્ટ અનુભવ તે મોક્ષ કહેવાય છે.—**નાથભગવાન્**

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧